સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 36

[SEPTEMBER - 2023]
[03/09/23 to 09/09/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**03 SEP.-2023**


- ભારતની રાજકોષીય ખાધ (India Fiscal Deficit) ..... 02
- ભારતનું પ્રથમ સૌર મિશન 'આદિત્ય L-1' સફળતાપૂર્વક લોન્ચ ..... 04
- QUESTION ANSWERS ..... 10


**04 SEP.-2023**


- ISROના વૈજ્ઞાનિક સુશ્રી એન. વાલર્મથીનું નિધન ..... 11
- રેમન મેગ્સેસે એવોર્ડ 2023 ..... 11
- પ્રોજેક્ટ 17A ફ્રિગેટ 'મહેન્દ્રગીરી' લોન્ચ ..... 14
- ભારતીય રેલવે બોર્ડના પ્રથમ મહિલા અધ્યક્ષ : સુશ્રી જયા વર્મા સિંહા ..... 16
- જમ્મુ અને કાશ્મીરના ભદરવાહ રાજમા અને રામબન સુલાઈ મધને GI ટેગ ..... 17
- QUESTION ANSWERS ..... 18


**05 SEP.-2023**


- દિવસ મહિમા : 05 સપ્ટેમ્બર, રાષ્ટ્રીય શિક્ષક દિવસ, International Day of Charity ..... 20
- અમેરિકન રાજ્ય જ્યોર્જિયાએ ઓક્ટોબરને 'હિન્દુ હેરિટેજ મહિનો' જાહેર કર્યો ..... 20
- WHOએ 'ગુજરાત ઘોષણાપત્ર'નું અનાવરણ કર્યું ..... 21
- ઓડિશાના કોરાપુટ કાલજીરા ચોખાને GI ટેગ ..... 22
- QUESTION ANSWERS ..... 23


**06 SEP.-2023**


- એક રાષ્ટ્ર એક ચૂંટણી (one nation one election) ..... 24
- વિશાખાપટ્ટનમ બંદર પર આંતરરાષ્ટ્રીય ક્રૂઝ ટર્મિનલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું ..... 28
- QUESTION ANSWERS ..... 29


**07 SEP.-2023**


- દિવસ મહિમા : 07 સપ્ટેમ્બર, વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ ..... 30
- ભારતનું પ્રથમ UPI-ATM ..... 30
- આસિયાન 2026 માટે મ્યાનમારની અધ્યક્ષતાનો અસ્વીકાર ..... 30
- 20મી ASEAN-ભારત સમિટ 2023 ..... 31
- QUESTION ANSWERS ..... 33


**08 SEP.-2023**


- દિવસ મહિમા : 08 સપ્ટેમ્બર, વિશ્વ સાક્ષરતા દિવસ, વિશ્વ ભૌતિક ચિકિત્સા દિવસ ..... 34
- સ્વચ્છ વાયુ સર્વેક્ષણ 2023 : ઈન્દોર ટોચ પર ..... 34
- QUESTION ANSWERS ..... 37


**09 SEP.-2023**


- દિવસ મહિમા : 09 સપ્ટેમ્બર, હુમલાથી શિક્ષણના રક્ષણ માટેનો દિવસ, હિમાલય દિવસ (Himalaya Day), વિશ્વ EV દિવસ ..... 38
- બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS) ..... 39
- QUESTION ANSWERS ..... 41

ONE LINER ..... 42

QUESTION OF THIS WEEK ..... 46


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતની રાજકોષીય ખાદ્ય (India Fiscal Deficit)



તાજેતરમાં 2023-24ના પ્રથમ ચાર મહિનામાં કેન્દ્રની રાજકોષીય ખાદ્ય સંપૂર્ણ વર્ષના લક્ષ્યાંકના 33.9% સુધી પહોંચી ગઈ છે.

- વર્ષ 2022-23માં રાજકોષીય ખાદ્ય GDPના 6.4% હતી, જ્યારે અગાઉ 6.71% અંદાજવામાં આવી હતી.
- નોંધનીય છે કે કેન્દ્રીય બજેટમાં સરકારે વર્તમાન નાણાકીય વર્ષમાં રાજકોષીય ખાદ્યને ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)ના 5.9% સુધી લાવવાનો અંદાજ મૂક્યો હતો.

### રાજકોષીય ખાદ્ય

રાજકોષીય ખાદ્ય (Fiscal Deficit) એ સરકારના કુલ ખર્ચ અને તેની કુલ આવક (ઉધાર સિવાય) વચ્ચેનો તફાવત છે.

- જે વર્ષ દરમિયાન સરકારને ઉધાર લેવાની જરૂરિયાતને સમકક્ષ છે.
- એટલે કે તે એક સૂચક છે જે દર્શાવે છે કે સરકારે તેની કામગીરીને નાણાં આપવા માટે કેટલી હદ સુધી ઉધાર લેવું જોઈએ અને તે દેશના GDPની ટકાવારી તરીકે દર્શાવવામાં આવે છે.
- રાજકોષીય ખાદ્યનો ખ્યાલ વર્ષ 1985માં રચાયેલી "સુખમય ચક્રવર્તી સમિતિ"એ રજૂ કર્યો હતો.
- વર્તમાન રાજકોષીય ખાદ્યને GDPની ટકાવારીમાં દર્શાવવામાં આવે છે.
- રાજકોષીય ખાદ્ય = મહેસૂલી આવકો + મૂડી આવકો - કુલ ખર્ચ
- રાજકોષીય ખાદ્ય = અંદાજપત્રીય ખાદ્ય + બજારમાંથી કરેલા દેવા તથા જવાબદારીઓ
- રાજકોષીય ખાદ્ય = કુલ ખર્ચ - કુલ આવક (દેવા અને અન્ય જવાબદારી છોડીને)
- રાજકોષીય ખાદ્ય = કુલ ખર્ચ (મહેસૂલી ખર્ચ + મૂડી ખર્ચ) - દેવા સિવાયની આવક (મહેસૂલી આવક + મૂડી આવક)

### ઉચ્ચ અને નિમ્ન રાજકોષીય ખાદ્ય

ઊંચી રાજકોષીય ખાદ્ય ફુગાવા, ચલણનું અવમૂલ્યન અને દેવાના બોજમાં વધારા તરફ દોરી શકે છે.

- જ્યારે ઓછી રાજકોષીય ખાદ્યને રાજકોષીય શિસ્ત અને સ્વસ્થ અર્થતંત્રના સકારાત્મક સંકેત તરીકે જોવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજકોષીય ખાધના હકારાત્મક પાસાઓ

- **સરકારી ખર્ચમાં વધારો :**
  રાજકોષીય ખાધ સરકારને જાહેર સેવાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય મહત્વપૂર્ણ ક્ષેત્રો પર ખર્ચ વધારવા સક્ષમ બનાવે છે જે આર્થિક વિકાસને ઉત્તેજન આપી શકે છે.
- **જાહેર રોકાણને ધિરાણ :**
  સરકાર રાજકોષીય ખાધ દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર / ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ પ્રોજેક્ટ્સ જેવા લાંબાગાળાના રોકાણો માટે ધિરાણ કરી શકે છે.
- **રોજગાર સર્જન :**
  સરકારી ખર્ચમાં વધારો થવાથી રોજગાર સર્જન થઈ શકે છે, જે બેરોજગારી ઘટાડવામાં અને જીવનધોરણને વધારવામાં મદદ કરી શકે છે.

## રાજકોષીય ખાધના નકારાત્મક પાસાઓ

- **ઋણનો વધતો બોજ :**
  સતત ઊંચી રાજકોષીય ખાધ સરકારી દેવાના વધારાનું પ્રતિનિધિત્વ કરે છે, જે ભાવી પેઢીઓ પર દેવું ચૂકવવાનું દબાણ બનાવે છે.
- **ફુગાવાના દબાણો :**
  મોટી રાજકોષીય ખાધ નાણાં પુરવઠામાં વધારો અને ઉચ્ચ ફુગાવા તરફ દોરી શકે છે, જે સામાન્ય લોકોની ખરીદ શક્તિ ઘટાડે છે.
- **ખાનગી રોકાણમાં ઘટાડો :**
  સરકારે રાજકોષીય ખાધને પહોંચી વળવા માટે ભારે ઉધાર લેવું પડી શકે છે, જે વ્યાજના દરમાં વધારો કરી શકે છે અને ખાનગી ક્ષેત્ર માટે લોન મેળવવાનું મુશ્કેલ બનાવી શકે છે. આમ ખાનગી રોકાણમાં ભીડ થઈ શકે છે.
- **ચૂકવણીના સંતુલનની સમસ્યા :**
  જો કોઈ દેશ મોટી રાજકોષીય ખાધ ચલાવી રહ્યો હોય, તો તેણે વિદેશી સ્ત્રોતો પાસેથી ઉધાર લેવું પડી શકે છે. જેના કારણે વિદેશી હૂંડિયામણના ભંડારમાં ઘટાડો થાય છે અને ચૂકવણીના સંતુલન પર દબાણ આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતનું પ્રથમ સૌર મિશન 'આદિત્ય L-1' સફળતાપૂર્વક લોન્ચ



ભારતનું પ્રથમ સોલાર મિશન આદિત્ય L-1નું 2 સપ્ટેમ્બરના રોજ સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

- ચંદ્રયાન-3એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સેફ અને સોફ્ટ લેન્ડિંગ કર્યાના થોડા દિવસ બાદ જ ISROએ વધુ એક મોટી સિદ્ધિ મેળવી છે.

### આદિત્ય L1 કયાંથી લોન્ચ થયું હતું

આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી આ મિશન લોન્ચ કરવામાં આવ્યું હતું.

- આ મિશન 2 સપ્ટેમ્બર, 2023ના બપોરે 11 : 50 વાગ્યે લોન્ચ કરવામાં આવ્યું હતું.

### આદિત્ય L1 કયા રોકેટની મદદથી લોન્ચ થયું હતું ?

- આદિત્ય L1 મિશન PSLV C57 રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.

નોંધ: (1) આ મિશનને L1 પોઈન્ટ પર પહોંચવામાં લગભગ 125 દિવસ લાગશે.

(2) આદિત્ય L1 એ એસ્ટ્રોસેટ (2015) પછી ISROનું બીજું ખગોળશાસ્ત્ર ઓબ્ઝર્વેટરી–ક્લાસ મિશન પણ છે.

### આદિત્ય L-1 શું છે ?

આદિત્ય L1 એ સૂર્ય–પૃથ્વી પ્રણાલીના લેગ્રેન્જિયન/લાગ્રેન્જિયન પોઈન્ટ-L1થી સુર્યનો અભ્યાસ કરવા માટેનું પ્રથમ અવકાશ આધારિત મિશન છે.

- જે પૃથ્વીથી આશરે 1.5 મિલિયન કિલોમીટર દૂર છે.
- આ પ્રોજેક્ટ શરૂઆતમાં 'આદિત્ય - 1' તરીકે પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો જે એક જ પેલોડ વહન કરતો 400 કિગ્રા વર્ગનો ઉપગ્રહ, વિઝિબલ એમિશન લાઈન કોરોનાગ્રાફ (VELC) છે.
- જોકે તેનું નામ બદલીને 'આદિત્ય L1 મિશન' રાખવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઉદ્દેશ્ય

આદિત્ય L1 મિશનનો ઉદ્દેશ્ય નીચે મુજબના અભ્યાસ કરવાનું છે :

(a) સૂર્યનો કોરોના,

(b) સૂર્યનો ફોટોસ્ફિયર,

(c) ક્રોમોસ્ફિયર

(d) સૌર ઉત્સર્જન

(e) સૌર પવન અને સૌર જ્વાળાઓ (આ પવનો સૂર્યના પ્લાઝમાના વિસ્તરણને કારણે સર્જાય છે)

(f) કોરોનલ માસ ઈજેક્શન (CMES)

- આદિત્ય - L1 મિશન ઉપર દર્શાવ્યા મુજબનો અભ્યાસ કરશે અને સમગ્ર સૂર્યની છબી બનાવશે.

## આદિત્ય L1 પેલોડ્સ

આદિત્ય L1ના સાધનો સૌર વાતાવરણ, મુખ્યત્વે રંગમંડળ અને કોરોનાનું નિરીક્ષણ કરવા માટે ટ્યૂન કરેલા છે.

- ઈન–સીટુ સાધનો L1 પર સ્થાનિક વાતાવરણનું અવલોકન કરશે.
- ત્યાં સાત પેલોડ્સ ઓન–બોર્ડ છે, જેમાં ચાર સૂર્યના રિમોટ સેન્સિંગ માટે અને ત્રણ ઈન–સીટુ અવલોકન માટે છે.
- ISROના વિવિધ કેન્દ્રોના નજીકના સહયોગથી દેશની વિવિધ પ્રયોગશાળાઓ દ્વારા પેલોડ્સ વિકસાવવામાં આવ્યા છે.
- આદિત્ય L1ના સાત પેલોડ નીચે મુજબ છે :

**રિમોટ સેન્સિંગ પેલોડ્સ**

1. વિઝિબલ એમિશન લાઈન કોરોનાગ્રાફ (VELC)
2. સોલાર અલ્ટ્રાવાયોલેટ ઈમેજિંગ ટેલિસ્કોપ (SUIT)
3. સોલાર લો એનર્જી L1 એક્સ–રે સ્પેક્ટ્રોમીટર (SOLExs)
4. હાઈ એનર્જી L1 ઓર્બિટીંગ એક્સ–રે સ્પેક્ટ્રોમીટર (HEL1OS)

**ઈન–સીટુ પેલોડ્સ**

5. આદિત્ય સોલાર વિન્ડ પાર્ટિકલ એક્સપેરિમેન્ટ (ASPEX)
6. પ્લાઝમા એનાઈલેઝર પેકેજ ફોર આદિત્ય (PAPA)
7. અદ્યતન ટ્રાઈ–એક્સિસ હાઈ રિઝોલ્યુશન ડિજિટલ મેગ્નોમીટર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## VELC પેલોડની વિશેષતાઓ અને મહત્ત્વ

સૂર્યના વિવિધ પાસાઓનો અભ્યાસ કરવા માટે રચાયેલ સાત સાધનોમાં VELC મુખ્ય પેલોડ હશે અને ભારતમાં બાંધવામાં આવેલા સૌથી સચોટ સાધનોમાંનું એક છે.

- તેની કલ્પના અને ડિઝાઈનને સૌર એસ્ટ્રોફિઝિક્સ સંબંધિત રહસ્યોને ઉકેલવામાં મદદ કરવામાં 15 વર્ષ લાગ્યા છે.
- તે કોરોનાના તાપમાન, વેગ અને ઘનતા તેમજ કોરોના હીટિંગ અને સોલાર વિન્ડ પ્રવેગને કારણે થતી પ્રક્રિયાઓનો અભ્યાસ કરવામાં મદદ કરશે.
- તે સ્પેસ વેધર ચાલકોના અભ્યાસ તેમજ કોરોનાના ચુંબકીય ક્ષેત્રના માપન અને કોરોનલ માસ ઈજેક્શનના ઉત્ક્રાંતિ અને ઉત્પત્તિમાં પણ મદદ કરશે.

## L-1 શું છે ?

L1નો અર્થ 'લેગ્રેન્જિયન પોઈન્ટ 1' (Lagrangian Point-1) છે, જે પૃથ્વી–સૂર્ય પ્રણાલીની ભ્રમણકક્ષાના પાંચ બિંદુઓમાંથી એક છે.

## Lagrangian Point શું છે ?

Lagrangian Point એ અવકાશમાં ચોક્કસ સ્થાનો છે. જ્યાં પૃથ્વી અને ચંદ્ર અથવા પૃથ્વી અને સૂર્ય જેવા બે મોટા એકમોના ગુરુત્વાકર્ષણ બળ, ઉપગ્રહ જેવા નાના પદાર્થ દ્વારા અનુભવતા કેન્દ્રત્યાગી બળને સંતુલિત કરે છે.

- ત્રિ–પરિમાણીય અવકાશમાં એકબીજાની ફરતે ભ્રમણકક્ષામાં બે મોટા એકમોની આસપાસ L1, L2, L3, L4 અને L5 લેબલવાળા પાંચ Lagrangian બિંદુઓ/પોઈન્ટ છે.
- આ બિંદુઓ પર મૂકવામાં આવેલી કોઈપણ વસ્તુ પૃથ્વી અને સૂર્ય તરફ સમાન રીતે ખેંચાતી અનુભવશે અને પૃથ્વી સાથે સૂર્યની આસપાસ ફરશે.
- L1, L2 અને L3 એ રેખા પર સ્થિત છે જે બે મોટા એકમને જોડે છે અને તે અસ્થિર સંતુલન બિંદુઓ છે, એટલે કે ત્યાં મુંકવામાં આવેલ પદાર્થ સતત પ્રોપલ્શન વિના તે સ્થિતિમાં રહેશે નહીં.
- બીજી બાજુ L4 અને L5 બે મોટા એકમ અને તેમના બેરીસેન્ટર દ્વારા રચાયેલા ટેટ્રાહેડ્રોનના ત્રીજા ખુણા પર સ્થિત છે અને તે સ્થિર સંતુલન બિંદુ S છે, એટલે કે ત્યાં મુકવામાં આવેલ પદાર્થ પ્રોપલ્શન વિના તે સ્થિતિમાં રહેશે નહીં.

INSTITUTE FOR COMPETITIVE EXAMS




## L-1

પ્રથમ લેગ્રેન્જ પોઈન્ટ/બિંદુ પૃથ્વી અને સૂર્યની વચ્ચે સ્થિત છે, જે આ બિંદુએ ઉપગ્રહોને સૂર્યનું સતત દશ્ય આપે છે, સૌર હેલિઓસ્ફેરિક ઓબ્ઝર્વેટરી (SOHLO), એક નાસા અને યુરોપિયન સ્પેસ એજન્સી ઉપગ્રહ કે જેને સૂર્યનું નિરીક્ષણ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. તે પૃથ્વીથી લગભગ 1.5 મિલિયન કિલોમીટર દૂર પ્રથમ લેગ્રેન્જ બિંદુની ભ્રમણકક્ષા કરે છે.

## L-2

બીજો લેગ્રેન્જ પોઈન્ટ પૃથ્વીથી લગભગ સમાન અંતરે છે, પરંતુ તે પૃથ્વીની પાછળ સ્થિત છે. પૃથ્વી હંમેશા બીજા લેગ્રેન્જ પોઈન્ટ અને સૂર્યની વચ્ચે હોય છે. સૂર્ય અને પૃથ્વી એક જ લાઈનમાં હોવાથી આ સ્થાન પરના ઉપગ્રહોને સૂર્ય અને પૃથ્વીમાંથી ગરમી અને પ્રકાશને રોકવા માટે માત્ર એક હીટ કવચની જરૂર છે. સ્પેસ ટેલિસ્કોપ માટે તે સારું સ્થાન છે.

## L-3

ત્રીજો લેગ્રેન્જ પોઈન્ટ સૂર્યની બીજી બાજુએ પૃથ્વીની સામે છે, જેથી સૂર્ય હંમેશા તેની અને પૃથ્વીની વચ્ચે રહે છે. આ સ્થિતિમાં ઉપગ્રહ પૃથ્વી સાથે કોમ્યુનિકેશન કરી શકશે નહીં.

## L4 અને L5

અત્યંત સ્થિર ચોથા અને પાંચમાં લેગ્રેન્જ બિંદુઓ પૃથ્વીના સૂર્યની આસપાસના ભ્રમણકક્ષાના માર્ગમાં છે, જે પૃથ્વીથી 60 ડિગ્રી આગળ અને પાછળ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આદિત્ય L1 મિશનનું મહત્ત્વ

સૂર્ય અને સૌર કોરોનાના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રીત કરવાને કારણે ISRO દ્વારા આદિત્ય L1 મિશન ભારત માટે મહત્વપૂર્ણ ધરાવે છે.

- આ મિશનનો ઉદ્દેશ્ય નીચેની બાબતો હાંસલ કરવાનો છે :

**(1) વૈજ્ઞાનિક સમજ :**

મિશનનો પ્રાથમિક ઉદ્દેશ્ય સૂર્ય, તેના કિરણોત્સર્ગ, ચુંબકીય ક્ષેત્રો અને કણોના પ્રવાહ વિશેની આપણી સમજને વધુ ઊંડી બનાવવાનો છે.

**(2) સ્પેસ વેધર ફોરકાસ્ટિંગ :**

સૂર્યની વર્તણૂકનો અભ્યાસ કરીને, મિશન અવકાશ હવામાનની ઘટનાઓની આગાહી કરવામાં યોગદાન આપી શકે છે. જેમ કે, સૌર જ્વાળાઓ, જે પૃથ્વી પર ઉપગ્રહ સંચાર અને અન્ય તકનીકોને વિક્ષેપિત કરી શકે છે.

**(3) તકનીકી પ્રગતિ :**

સૂર્યનો અભ્યાસ કરવા માટે અવકાશ–આધારિત વેધશાળાનો વિકાસ અવકાશ સંશોધનમાં ભારતની તકનીકી કુશળતા દર્શાવે છે અને વૈશ્વિક અવકાશ સમુદાયમાં તેની પ્રતિષ્ઠામાં વધારો કરે છે.

**(4) આંતરરાષ્ટ્રીય સહયોગ :**

સૌર સંશોધનમાં ભાગ લેવો એ સૂર્ય અને તેની અસરોને સમજવાના આંતરરાષ્ટ્રીય પ્રયત્નો સાથે સંરેખિત કરે છે.

**(5) શિક્ષણ અને પ્રેરણા :**

આ મિશન ભવિષ્યના વૈજ્ઞાનિકો, એન્જિનિયરો અને સંશોધકોને અવકાશ વિજ્ઞાનમાં ભારતની સિદ્ધિઓનું પ્રદર્શન કરીને અને અવકાશ સંબંધિત શોધને પ્રોત્સાહિત કરીને પ્રેરણા આપે છે.

**(6) ઈનોવેશન માટેનો ડેટા :**

એકત્ર કરાયેલ ડેટા ટેક્નોલોજી, સામગ્રી વિજ્ઞાન અને અન્ય વિવિધ ક્ષેત્રોમાં નવીનતાઓ તરફ દોરી શકે છે જે ભારતના તકનીકી લેન્ડસ્કેપને લાભ આપી શકે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## અન્ય દેશોના સૌર મિશન

| ક્રમ | દેશનું નામ | સૌર મિશન / વિશેષતા |
|---|---|---|
| 1 | અમેરિકા | (1) પાર્કર સોલર પ્રોબ (ઓગસ્ટ 2018) : ડિસેમ્બર 2021માં સૂર્યના ઉપલા વાતાવરણ, નમૂનારૂપ કણો અને ચુંબકીય ક્ષેત્રોને સ્પર્શ કર્યો<br>(2) સોલર ઓર્બિટર (ફેબ્રુઆરી 2020) : સૂર્યના બદલતા અવકાશના વાતાવરણની શોધ |
| 2 | જાપાન | (1) Hinotori (ASTRO-A, 1981) : સૌર જ્વાળાઓનો અભ્યાસ<br>(2) Yohkoh (SOLAR-A, 1991) : સૌર પ્રવૃત્તિઓનો અભ્યાસ<br>(3) Hinode (SOLAR-B, 2006) : પૃથ્વી પર સૂર્યની અસરનો અભ્યાસ |
| 3 | ચીન | Advance Space-based Solar Observatory (ASO-S, October 2022) |

## PSLV



PSLVનું પૂરું નામ Polar Satellite Launch Vehicle છે.

- PSLV એ ભારતનું મીડિયમ લિફ્ટ લોન્ચ વ્હિકલ એટલે કે ઉપગ્રહ લોન્ચ કરવાનું એક પ્રકારનું રોકેટ છે.
- ISRO દ્વારા તેને ડિઝાઈન કરવામાં આવ્યું છે તથા તેનું સંચાલન કરવામાં આવે છે.
- ભારતના રિમોટ સેન્સિંગ ઉપગ્રહોને સૂર્ય સિંક્રોનસ ભ્રમણકક્ષા (Sun-Synchronous Orbits)માં લોન્ચ કરવા માટે PSLVનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- 1993માં PSLVના નિર્માણ સમયે વ્યાવસાયિક રીતે આવી સુવિધા ફક્ત રશિયા પાસે જ હતી.
- PSLV દ્વારા નાના કદના ઉપગ્રહોને ભૂ–સ્થિર કક્ષા (Geostationary Transfer Orbit)માં પણ લોન્ચ કરી શકાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** રાજકોષીય ખાધ (Fiscal Deficit) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે સરકારના કુલ ખર્ચ અને તેની આવક (ઉધાર સિવાય) વચ્ચેનો તફાવત છે.
2. વિવિધ લોનની ચૂકવણી વ્યાજ સાથે રાજકોષીય ખાધમાં નોંધપાત્ર ઘટાડો કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા

**(A)**

**2.** તાજેતરમાં ISROએ ભારતનું પ્રથમ સૌર મિશન લોન્ચ કર્યુ છે. આ મિશનનું નામ જણાવો ?

(A) આદિત્ય L1 (B) ISRO L1 (C) આર્યભટ્ટ L1 (D) વિક્રમ L1

**(A)**

**3.** 'આદિત્ય L1 મિશન' કયા રોકેટની મદદથી લોન્ચ થયું હતું ?

(A) GSLV-C57 (B) LVM-3 (C) PSLV-C57 (D) LMV-57

**(C)**

**5.** તાજેતરમાં ISROએ ભારતનું પ્રથમ સૌર મિશન 'આદિત્ય L1' લોન્ચ કર્યુ હતું. જેમાં L1 શું છે ?

(A) Lagrangian Point-1 (B) Lunar Point-1

(C) List of Galaxy Filaments-1 (D) Laser Pointer-1

**(A)**

**5.** 'Lagrangian Point' વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?

1. તે અવકાશમાં ચોક્કસ સ્થાનો છે જ્યાં પૃથ્વી અને ચંદ્ર અથવા પૃથ્વી અને સૂર્ય જેવા બે મોટા એકમોના ગુરુત્વાકર્ષણ બળ, ઉપગ્રહ જેવા નાના પદાર્થ દ્વારા અનુભવતા કેન્દ્રત્યાગી બળને સંતુલિત કરે છે.
2. ત્રિ–પરિમાણિય અવકાશમાં એકબીજાની ફરતે ભ્રમણકક્ષામાં બે મોટા એકમોની આસપાસ L1, L2, L3, L4 અને L5 એમ પાંચ Lagrangian Point છે.
3. આ બિંદુઓ પર મૂકવામાં આવેલી કોઈપણ વસ્તુ પૃથ્વી અને સૂર્ય તરફ સમાન રીતે ખેંચાતી અનુભવશે અને પૃથ્વી સાથે સૂર્યની આસપાસ ફરશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ISROના વૈજ્ઞાનિક સુશ્રી એન. વાલર્મથીનું નિધન



શ્રીહરિકોટામાં રોકેટ પ્રક્ષેપણ માટે કાઉન્ટડાઉનમાં પોતાનો અવાજ આપનાર ISROના વૈજ્ઞાનિક સુશ્રી એન. વાલર્મથીનું 64 વર્ષની વયે નિધન થયું છે.

- ચંદ્ર પર ઐતિહાસિક ઉતરાણ કરનાર ચંદ્રયાન-3ના પ્રક્ષેપણની કાઉન્ટડાઉન જાહેરાત દરમિયાન તેમણે તેનો છેલ્લો અવાજ સંભળાવ્યો હતો.

### સુશ્રી એન. વાલર્મથી

સુશ્રી એન. વાલર્મથીનો જન્મ 31 જુલાઈ, 1959ના રોજ તમિલનાડુના અરિયાલુરમાં થયો હતો.

- તેઓ ગવર્નમેન્ટ કોલેજ ઓફ ટેક્નોલોજી, કોઈમ્બતુરમાંથી એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી અને અન્ના યુનિવર્સિટીમાંથી ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન્સમાં માસ્ટર ડિગ્રી સાથે સ્નાતક થયા હતા.
- એક વૈજ્ઞાનિક તરીકે તેઓ 1984માં ISROમાં જોડાયા હતા.
- ત્યારબાદ તેમણે ISROના ઘણા અભિયાનોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.
- તેઓ ભારતના પ્રથમ સ્વદેશી રીતે વિકસિત રડાર ઈમેજિંગ સેટેલાઈટ(RIS) અને દેશના બીજા એવા ઉપગ્રહ RISAT-1 પ્રોજેક્ટના ડિરેક્ટર પણ રહ્યા હતા.
- પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામના સન્માનમાં તમિલનાડુ સરકાર દ્વારા 2015માં સ્થાપિત કરાયેલ અબ્દુલ કલામ એવોર્ડ મેળવનાર તે પ્રથમ વ્યક્તિ હતા.
- તેઓ શ્રીહરિકોટામાં રોકેટ પ્રક્ષેપણ માટે કાઉન્ટડાઉનમાં પોતાનો અવાજ આપવા માટે જાણીતા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રેમન મેગ્સેસે એવોર્ડ 2023




તાજેતરમાં વર્ષ 2023 માટે રેમન મેગ્સેસે એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે.

- વર્ષ 2023ના રેમન મેગ્સેસે એવોર્ડ માટે કુલ 4 વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી છે.
- જેમાં ભારતના આસામમાં કચર કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર (CCHRC)ના નિયામક, સર્જિકલ ઓન્કોલોજિસ્ટ ડો. આર. રવિ કન્નનનો પણ સમાવેશ થાય છે.

## રેમન મેગ્સેસે એવોર્ડ વિજેતા 2023

| ક્રમ | વિજેતા | દેશ |
|---|---|---|
| 1 | શ્રી યુજેનિયો લેમોસ | તિમોર લેસ્ટે |
| 2 | સુશ્રી મિરિયન કોરોનેલ–ફેરર | ફિલિપાઈન્સ |
| 3 | શ્રી કોરવી રક્ષંદ | બાંગ્લાદેશ |
| 4 | ડો. આર. રવિ કન્નન | ભારત |

### ડો. આર. રવિ કન્નન



- પદ્મશ્રી ડો. આર. રવિ કન્નન આસામ સ્થિત કચર કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર (CCHRC)ના ડિરેક્ટર તરીકે સેવા આપે છે.
- તેમને આસામમાં લોકો–કેન્દ્રિત અને ગરીબ તરફી આરોગ્યસંભાળ અભિગમ દ્વારા કેન્સરની સારવારમાં ક્રાંતિ લાવવાનો શ્રેય આપવામાં આવે છે.
- તેઓ ચેન્નાઈના વતની છે અને 2007 સુધી સિલ્ચરમાં કામ કર્યુ હતું.
- 2007માં ડો. કન્નન CCHRCના નિયામક બન્યા હતા. તેમના નેતૃત્વ હેઠળ CCHRCનો નોંધપાત્ર વિકાસ અને વિસ્તરણ થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી કોરવી રક્ષંદ



- શ્રી કોરવી રક્ષંદ બાંગ્લાદેશના નિવાસી છે.
- છ મિત્રો સાથે તેમણે 2007માં JAAGO ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી.
- જેમાં વંચિત બાળકો માટે પ્રવેશ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું.
- આ સંસ્થા સમગ્ર બાંગ્લાદેશમાં 30,000થી વધુ વિદ્યાર્થીઓને મફત, સરકાર માન્યતા પ્રાપ્ત અંગ્રેજી ભાષાનું શિક્ષણ પ્રદાન કરે છે.

## યુજેનિયો લેમોસ

- યુજેનિયો લેમોસ દક્ષિણપૂર્વ એશિયાઈ દેશ તિમોર–લેસ્ટેના એક કૃષિ નિષ્ણાંત છે.



- જેમણે તિમોરીસ સમુદાયને કૃષિ અને પ્રકૃતિની જાળવણીની પ્રશંસા કરવા માટે નવી રીતે અપનાવવા મદદ કરી છે.
- તેમના યુનિવર્સિટીના દિવસોથી તેમણે જૈવિક ખેતીને પ્રોત્સાહન આપ્યું હતું.
- 2001માં તેમણે લેમોસે પરમાકુલતુરા તિમોર–લોરોસા (પરમાટીલ) નામની સંસ્થાની સ્થાપના કરી હતી.
- જે સત્તર અને તેથી વધુ વયના યુવાનો માટે તાલીમ શિબિરોનું આયોજન કરે છે.
- આ તાલીમ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પાણી અને કુદરતી સંસાધન વ્યવસ્થાપન, કૃષિ, જળચરઉછેર અને કૃષિ વનીકરણ અંગેના પાઠ શિખવવામાં આવે છે.

## સુશ્રી મિરિયન કોરોનેલ-ફેરર

- સુશ્રી મિરિયન કોરોનેલ–ફેરર ફિલિપાઈન્સના નિવાસી છે.



- 1970ના દાયકાના અંતથી મિરિયમ કોરોનેલ–ફેરરે યુદ્ધ વિવાદોને ઉકેલવામાં અને તેના દેશના લશ્કરી શાસનનો પ્રતિકાર કરવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.
- ફિલિપાઈન્સના આ શાંતિ વાટાઘાટકાર દેશના પ્રથમ 'મહિલા, શાંતિ અને સુરક્ષા પરના રાષ્ટ્રીય કાર્ય યોજના'ના મુસદ્દાનો એક ભાગ હતો. આ એજન્ડા 2010માં સત્તાવાર રીતે અપનાવવામાં આવ્યો હતો.
- 2012માં તેમણે ઈસ્લામિક લિબરેશન ફ્રન્ટ સાથે ફિલિપાઈન્સ સરકારની શાંતિ પેનલની વાટાઘાટોનું નેતૃત્વ કર્યુ હતું.
- 2020માં તેમણે દક્ષિણપૂર્વ એશિયન મહિલા શાંતિ મધ્યસ્થી જૂથની સહ–સ્થાપના કરી હતી.

## રેમન મેગ્સેસે એવોર્ડ

રેમન મેગ્સેસે એવોર્ડ એશિયાનો સૌથી વધુ પ્રતિષ્ઠિત અને સર્વોચ્ચ એવોર્ડ છે.

- તેને 'એશિયાના નોબેલ પુરસ્કાર' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ફિલિપાઈન્સના સાતમા રાષ્ટ્રપતિ શ્રી રેમન મેગ્સેસેની યાદમાં ફિલિપાઈન્સ સરકાર દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડની સ્થાપના એપ્રિલ 1957માં ન્યૂયોર્ક સિટી સ્થિત રોકફેલર બ્રધર્સ ફંડના ટ્રસ્ટીઓ દ્વારા ફિલિપાઈન સરકારની સંમંતિથી કરવામાં આવી હતી.

- રેમન મેગ્સેસે એવોર્ડ ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ દ્વારા આ વાર્ષિક પુરસ્કારના વિજેતાઓની પસંદગી કરવામાં આવે છે.
- રેમન મેગ્સેસે એવોર્ડ પાંચ કેટેગરીમાં આપવામાં આવે છે, જે નીચે મુજબ છે :

(1) સરકારી સેવા

(2) જાહેર સેવા

(3) સમુદાય નેતૃત્વ

(4) પત્રકારત્વ, સાહિત્ય અને સર્જનાત્મક સંચાર કલા

(5) શાંતિ અને આંતરરાષ્ટ્રીય સમજ

(6) ઈમર્જન્ટ લીડરશિપ

નોંધ : (1) રેમન મેગ્સેસે એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય શ્રી વિનોબા ભાવે છે.

(2) રેમન મેગ્સેસે એવોર્ડ સૌપ્રથમ 1958માં એનાયત થયો હતો. અને એ વર્ષે કુલ છ વ્યક્તિઓની આ પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી હતી. જેમાં ભારતના શ્રી વિનોબા ભાવેનો પણ સમાવેશ થયો હતો.

(3) શ્રી વિનોબા ભાવેને 1958માં કોમ્યુનિટી લીડરશિપની કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થયો હતો.

(4) શ્રી રેમન મેગ્સેસે વર્ષ 1953માં ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ બન્યા હતા. શ્રી રેમન મેગ્સેસના વહીવટના વર્ષોને ફિલિપાઈન્સના સુવર્ણ વર્ષો તરીકે વર્ણવવામાં આવે છે. તેઓ તેમની ઉદારતા અને કૃષિ સુધારા માટે જાણીતા હતા.

## પ્રોજેક્ટ 17A ફ્રિગેટ 'મહેન્દ્રગીરી' લોન્ચ



1 સપ્ટેમ્બર, 2023ના રોજ ભારતીય નૌકાદળે મુંબઈમાં મંઝગાવ ડોક શિપબિલ્ડર્સ (MDL) ખાતે 'પ્રોજેક્ટ 17A ફ્રિગેટ 'મહેન્દ્રગીરી' લોન્ચ કર્યુ હતું.

- આ જહાજ પ્રોજેક્ટ 17A ફ્રિગેટ શ્રેણીમાં સાતમું અને છેલ્લું સ્ટીલ્થ ફ્રિગેટ છે.
- તેનું નામ ઓડિશામાં સ્થિત પૂર્વી ઘાટના પર્વત શિખર પરથી રાખવામાં આવ્યું છે.
- આ જહાજ મુંબઈમાં **Mazagon Dock Shipbuilders Limited (MDL)** દ્વારા બનાવવામાં આવ્યું છે.
- આ ફ્રિગેટ એ પ્રોજેક્ટ 17 વર્ગના ફ્રિગેટ્સ (શિવાલિક વર્ગ)ની ઉત્ક્રાંતિ છે, જેમાં અદ્યતન સ્ટીલ્થ ક્ષમતાઓ, અદ્યતન શસ્ત્રો, સેન્સર્સ અને પ્લેટફોર્મ મેનેજમેન્ટ સિસ્ટમનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આત્મનિર્ભરતા માટે દેશની પ્રતિબદ્ધતાને અનુરૂપ પ્રોજેક્ટ 17A જહાજો માટેના નોંધપાત્ર 75% સાધનો અને સિસ્ટમ ઓર્ડર સ્વદેશી કંપનીઓના છે, જેમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME)નો સમાવેશ થાય છે.

**નોંધ :** (1) મહેન્દ્રગિરિ ભારતના ઓડિશાના ગજપતિ જિલ્લાના રાયગડા બ્લોકમાં આવેલો એક પર્વત છે.

(2) તે 1,501 મીટર (4925 ફુટ)ની ઊંચાઈ પર પૂર્વીય ઘાટની વચ્ચે આવેલ છે.

(3) મહેન્દ્રગિરિ ઓડિશાની બીજી જૈવવિવિધતા હેરિટેજ સાઈટ છે.

## પ્રોજેક્ટ 17A ફ્રિગેટ્સ

પ્રોજેક્ટ 17A એ P17 ફ્રિગેટ્સ (શિવાલિક ક્લાસ)નું સુધારેલું સંસ્કરણ છે.

- જેમાં સ્ટીલ્થ સુધારાઓ, પ્લેટફોર્મ મેનેજમેન્ટ સિસ્ટમ્સ, અદ્યતન શસ્ત્રો અને સેન્સરમાં કેટલાંક સુધારાઓ છે.
- ભારતીય નૌકાદળ માટે P-17A હેઠળ સાત ફ્રિગેટ (યુદ્ધ જહાજ) બનાવવામાં આવશે.
- જેમાં ચાર મુંબઈમાં મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ (MDL) ખાતે અને ત્રણ કોલકાતા ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ લિમિટેડ (GPSE) ખાતે બનાવવામાં આવશે.
- આ તમામ જહાજ અદ્યતન સ્ટીલ્થ ક્ષમતાથી સજ્જ હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશેષતા

પ્રોજેક્ટ 17Aની મુખ્ય અદ્યતન સ્ટીલ્થ વિશેષતાઓ વહાણના નાના રડાર ક્રોસ–સેક્શન સાથે સંબંધિત છે. જે ખાસ સુપર સ્ટ્રક્ચર આકારના ઉપયોગ દ્વારા પ્રાપ્ત થાય છે જે રડાર તરંગોના પ્રતિબિંબને ઘટાડે છે.

- પ્રોજેક્ટ 17A યુદ્ધ જહાજોમાં બહેતર અસ્તિત્વ, દરિયાઈ જાળવણી, સ્ટીલ્થ અને જહાજની ગતિશિલતા માટે નવી ડિઝાઈનના ખ્યાલો સામેલ છે.
- અન્ય મહત્ત્વની વિશેષતા એ છે કે જહાજના પ્રોપેલર્સ, ઓપરેટિંગ મશિનરી જેવી કે ડીઝલ જનરેટર વગેરેમાંથી નીકળતા ઓછા ઓકોસ્ટિક અવાજને લગતું છે, જે અન્ય જહાજો પર સોનારને તેની હાજરી શોધવામાં મદદ કરે છે.
- આવા સ્ટીલ્થ લક્ષણો ઓપરેશન દરમિયાન કોઈપણ પ્રતિકૂળ વાતાવરણમાં જહાજની ટકી રહેવાની ક્ષમતાને સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**નોંધ :** પ્રોજેક્ટ 17A હેઠળના અન્ય જહાજોમાં INS નીલગીરી, INS હિમગીરી, INS ઉદયગીરી, INS તારાગીરી, INS દુનાગીરી જહાજોનો સમાવેશ થાય છે.

## ફ્રિગેટ શું છે ?

ફ્રિગેટ એ એક પ્રકારનું યુદ્ધ જહાજ છે.

- તે નૌકાદળની માલિકીનું જહાજ છે જે ઝડપી ગતીએ આગળ વધી શકે છે.
- ફ્રિગેટ્સનો ઉપયોગ ઘણીવાર અન્ય જહાજોના રક્ષણ માટે થાય છે.
- આ જહાજ કોર્વેટ્સ કરતા મોટા હોય છે પરંતુ ડિસ્ટ્રોયર્સ કરતા નાના હોય છે.
- ફ્રિગેટ સામાન્ય રીતે બંદૂકો, ટોર્પિડોઝ, મિસાઈલ અને વિરોધી પ્રણાલીઓ સહિત વિવિધ શસ્ત્રોથી સજ્જ હોય છે.
- તેમાં અદ્યતન સેન્સર અને તકનીક પણ હોય છે, જે તેમને લાંબા અંતર પર દુશ્મન જહાજો અને વિમાનોની હાજરી શોધવા મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

## ભારતીય રેલવે બોર્ડના પ્રથમ મહિલા અધ્યક્ષ : સુશ્રી જયા વર્મા સિંહા



તાજેતરમાં કેન્દ્ર સરકારે સુશ્રી જયા વર્મા સિંહાને રેલવે મંત્રાલયની ટોચની નિર્ણય લેતી સંસ્થા રેલવે બોર્ડના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

- 118 વર્ષના ઈતિહાસમાં બોર્ડની અધ્યક્ષતા કરનાર તેઓ પ્રથમ મહિલા છે.
- સુશ્રી જયા વર્મા સિંહાનો કાર્યકાળ 31 ઓગસ્ટ, 2024 સુધી અમલમાં રહેશે.
- તેઓ અલ્હાબાદ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તથા 1988માં ભારતીય રેલવે ટ્રાફિક સેવામાં જોડાયા હતા અને ઉત્તર રેલવે, દક્ષિણપૂર્વીય રેલવે અને પૂર્વીય રેલવેમાં કામ કર્યુ હતું.
- તેમણે સેન્ટર ફોર રેલવે ઈલેક્ટ્રિફિકેશન (CORE)માં પણ સેવા આપી છે.

નોંધ : (1) ભારતીય રેલવે બોર્ડ એ ભારતીય રેલવેની સર્વોચ્ચ સંસ્થા છે. તે રેલવેના સમગ્ર વહીવટ અને સંચાલન માટે જવાબદાર છે.

(2) 1901માં રેલવેના વહીવટ અને કાર્યને લગતી સર થોમસ રોબર્ટસન સમિતિની ભલામણો પર રેલવે બોર્ડના પ્રારંભિક સંસ્કરણની રચના કરવામાં આવી હતી. તેમાં શરૂઆતમાં ત્રણ સભ્યો હતા.

(3) 1905માં લોર્ડ કર્ઝનના સમય દરમિયાન તેની સત્તાઓને ઔપચારિક બનાવવામાં આવી હતી. તેના સભ્ય પદમાં સરકારી રેલવે અધિકારીનો સમાવેશ થતો હતો, જે બોર્ડના અધ્યક્ષ હતા. આ બોર્ડ ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ મૂકવામાં આવ્યું હતું.

(4) 1921માં રેલવે બોર્ડનું પુનઃગઠન કરવામાં આવ્યું હતું અને ટેક્નિકલ નિર્ણયો લેવા અને નીતિ વિષયક બાબતો પર સરકારને સલાહ આપવા માટે રેલવેના મુખ્ય કમિશનરની નિમણૂક કરવામાં આવી હતી.

(5) ડિસેમ્બર, 2019માં કેન્દ્રીય કેબિનેટે બોર્ડનું કદ આઠથી ઘટાડીને પાંચ કરવાનો નિર્ણય લીધો હતો.

## જમ્મુ અને કાશ્મીરના ભદરવાહ રાજમા અને રામબન સુલાઈ મધને GI ટેગ





તાજેતરમાં જમ્મુ અને કાશ્મીરમાં ભદરવાહ રાજમા અને રામબન સુલાઈ મધને GI ટેગ આપવામાં આવ્યો છે.

- આ ઉત્પાદનના GI ટેગિંગ માટેની પ્રક્રિયા કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ, જમ્મુ દ્વારા શરૂ કરવામાં આવી હતી.
- ભદરવાહ રાજમાને ઘણીવાર લાલ કઠોળ તરીકે ઓળખવામાં આવે છે, તે ચિનાબ ખીણમાં રહેતા લોકોના હૃદય અને મનમાં વિશેષ સ્થાન ધરાવે છે.
- તેમના વિશિષ્ટ સ્વાદ ઉપરાંત પ્રદેશનું સાંસ્કૃતિક પ્રતિક પણ છે.
- જ્યારે બીજો GI ટેગ રામબન જિલ્લામાં સ્થિત સુલાઈમાં ઉત્પાદિત મધને આપવામાં આવ્યો છે.
- આ સુલાઈ મધને માત્ર તેના ઉત્કૃષ્ટ સ્વાદ માટે જ નહીં પરંતુ તેની ઓર્ગેનિક પ્રકૃતિ માટે પણ ઓળખ મળી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS






1. તાજેતરમાં સુશ્રી એન. વાલર્મથીનું નિધન થયું છે. તેઓ નીચેના પૈકી કઈ સંસ્થા સાથે સંકળાયેલા હતા ?

(A) DRDO (B) Railway Board

(C) SEBI (D) ISRO — (D)

2. તાજેતરમાં 'રેમન મેગ્સેસે એવોર્ડ વિજેતા 2023'ની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?

1. શ્રી યુજેનિયો લેમોસ
2. સુશ્રી મિરિયન કોરોનેલ ફેરર
3. શ્રી કોરવી રક્ષંદ
4. ડો. આર. રવિ કન્નન

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 4 (D) 1, 2, 3 અને 4 — (D)

3. તાજેતરમાં શ્રી યુજેનિયો લેમોસને વર્ષ 2023નો 'રેમન મેગ્સેસે એવોર્ડ' એનાયત થયો છે. તેઓ કયા દેશના છે ?

(A) જાપાન (B) કંબોડિયા (C) તિમોર લેસ્ટે (D) ઓમાન — (C)

4. તાજેતરમાં સુશ્રી મિરિયન કોરોનેલ–ફેરરને વર્ષ 2023નો 'રેમન મેગ્સેસે એવોર્ડ' એનાયત થયો છે. તેઓ કયા દેશના છે ?

(A) ફિલિપાઈન્સ (B) જાપાન (C) ઈન્ડોનેશિયા (D) અમેરિકા — (A)

5. તાજેતરમાં શ્રી કોરવી રક્ષંદને વર્ષ 2023નો 'રેમન મેગ્સેસે એવોર્ડ' એનાયત થયો છે. તેમના દેશનું નામ જણાવો ?

(A) બાંગ્લાદેશ (B) પાકિસ્તાન (C) ઈન્ડોનેશિયા (D) ફિલિપાઈન્સ — (A)

6. તાજેતરમાં નીચેના પૈકી કયા ભારતીયને 'રેમન મેગ્સેસે એવોર્ડ 2023' એનાયત થયો છે ?

(A) ડો. અરવિંદ શુક્લા (B) ડો. આર. રવિ કન્નન

(C) ડો. રવિ સિંહા (D) ડો. અરવિંદ પ્રસાદ — (B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. તાજેતરમાં 'મહેન્દ્રગીરી' જહાજ લોન્ચ કરવામાં આવ્યું હતું. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ જહાજ પ્રોજેક્ટ 17A ફ્રિગેટ શ્રેણીમાં સાતમું જહાજ છે.

2. તેનું નામ ઓડિશામાં સ્થિત એક પર્વતના નામ પરથી રાખવામાં આવ્યું છે

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.

(B) વિધાન 1 ખોટું છે પરંતુ વિધાન 2 સાચું છે.

(C) વિધાન 1 અને 2 બંને સાચા છે.

(D) વિધાન 1 અને 2 બંને ખોટા છે. **(C)**

---

8. તાજેતરમાં ભારતીય રેલવે બોર્ડના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરી છે ?

(A) સુશ્રી ગિરિજા વ્યાસ (B) સુશ્રી જયા વર્મા સિંહા

(C) સુશ્રી રેખા શર્મા (D) સુશ્રી ઉષા વ્યાસ **(B)**

---

9. તાજેતરમાં ભદરવાહ રાજમા અને રામબન સુલાઈ મધને GI ટેગ આપવામાં આવ્યો છે. તે કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંકળાયેલ છે ?

(A) જમ્મુ અને કાશ્મીર (B) ઉત્તરપ્રદેશ (C) સિક્કિમ (D) ગોવા **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 05 સપ્ટેમ્બર, (1) રાષ્ટ્રીય શિક્ષક દિવસ (National Teacher's Day)
## (2) International Day of Charity (દાન માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ)

### રાષ્ટ્રીય શિક્ષક દિવસ




સમગ્ર ભારતમાં દર વર્ષે 5 સપ્ટેમ્બરના રોજ 'રાષ્ટ્રીય શિક્ષક દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં રાષ્ટ્રીય શિક્ષક દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ **1962**થી થયો હતો.
- ભારતના પ્રસિદ્ધ પ્રોફેસર, શિક્ષણશાસ્ત્રી, તત્ત્વચિંતક અને રાજપુરુષ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમનો જન્મદિન 5 સપ્ટેમ્બર ભારતમાં શિક્ષકદિન તરીકે ઉજવાય છે.
- ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને દ્વિતીય રાષ્ટ્રપતિ હતા.
- **5 સપ્ટેમ્બર, 1888**ના રોજ તમિલનાડુના તિરુત્તાની ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેમને **1954**માં 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

નોંધ : (1) સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં 'શિક્ષક દિવસ'ની ઉજવણી જુદા–જુદા દિવસે કરવામાં આવે છે.

(2) યુનેસ્કો દ્વારા **1994**માં 5 ઓક્ટોબરની 'વિશ્વ શિક્ષક દિવસ' તરીકે સ્થાપના કરવામાં આવી હતી.

(3) આથી, 'વિશ્વ શિક્ષક દિન' અથવા તો 'આંતરરાષ્ટ્રીય શિક્ષક દિન' 5 ઓક્ટોબરના રોજ ઉજવાય છે. જ્યારે ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષક દિન' 5 સપ્ટેમ્બરના રોજ ઉજવાય છે.

(4) ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ શિક્ષક દિવસ નિમિત્તે 75 શિક્ષકોને વર્ષ 2023 માટે 'રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર' એનાયત કર્યા હતા.

## અમેરિકન રાજ્ય જ્યોર્જિયાએ ઓક્ટોબરને 'હિન્દુ હેરિટેજ મહિનો' જાહેર કર્યો

તાજેતરમાં અમેરિકાન રાજ્ય જ્યોર્જિયાના ગવર્નર બ્રાયન કેમ્પે સત્તાવાર રીતે જાહેર કર્યું છે કે ઓક્ટોબર મહિનો રાજ્યમાં 'હિન્દુ હેરિટેજ મહિનો' તરીકે ઉજવવામાં આવશે.

- આ ઘોષણા જ્યોર્જિયાને સમગ્ર યુનાઈટેડ સ્ટેટ્સના અન્ય રાજ્યો સાથે સંરેખિત કરે છે. જેમણે હિન્દુ વારસો, સંસ્કૃતિ, મૂલ્યો અને પરંપરાઓને સન્માનિત કરવા અને તેની યાદમાં સમાન પગલાં લીધા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જ્યોર્જિયા એવા રાજ્યની વધતી સૂચિમાં જોડાય છે જેણે હિન્દુ વારસો અને સંસ્કૃતિના મહત્ત્વને માન્યતા આપી છે.
- આ ઉજવણી માટે ઓક્ટોબરની પસંદગી વિશેષ અર્થ ધરાવે છે. કારણ કે ઓક્ટોબર મહિનામાં ગાંધી જયંતિ ઉપરાંત મુખ્ય હિન્દુ તહેવારો, જેમ કે નવરાત્રી, દિવાળી વગેરે ઉજવવામાં આવે છે.
- આ ઘોષણા અમેરિકન સમાજમાં હિન્દુ ધર્મના યોગદાન અને મહત્ત્વની ઉજવણી અને સ્વીકાર કરવાની રીત તરીકે કામ કરે છે.

## WHOએ 'ગુજરાત ઘોષણાપત્ર'નું અનાવરણ કર્યું



વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ પ્રથમ WHO ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટ 2023ના પરિણામ દસ્તાવેજ 'ગુજરાત ઘોષણાપત્ર' (Gujarat Declaration)નું અનાવરણ કર્યું છે.

- ભારતે ગુજરાતમાં પ્રથમ WHO ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનનું આયોજન કર્યું હતું.
- નોંધનીય છે કે ગુજરાતના જામનગરમાં WHO ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન સમિટના યજમાન તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- ગુજરાત ઘોષણાપત્ર સ્વદેશી જ્ઞાન, જૈવવિવિધતા અને પરંપરાગત, પૂરક અને સંકલિત દવા (TCIM) માટે વૈશ્વિક પ્રતિબદ્ધતાઓને પુનઃપુષ્ટ કરે છે.
- આ ઘોષણાનો હેતુ સાર્વત્રિક આરોગ્ય કવરેજ અને આરોગ્ય સંબંધિત ટકાઉ વિકાસ લક્ષ્યો તરફ પુરાવા આધારિત પરંપરાગત દવાઓના હસ્તક્ષેપને આગળ વધારવાનો છે.
- સમિટમાં પરંપરાગત દવામાં AI સહિત ડિજિટલ હેલ્થ ટેક્નોલોજીની ભૂમિકાની શક્યતાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓડિશાના કોરાપુટ કાલજીરા ચોખાને GI ટેગ



તાજેતરમાં ઓડિશાના એક સુગંધિત કોરાપુટ કાલજીરા ચોખાને GI ટેગ આપવામાં આવ્યો છે.

- આ સુગંધિત ચોખાની વિવિધતા તેના પોષક મૂલ્ય માટે પ્રસિદ્ધ છે.
- ઓડિશાના કોરાપુટ જિલ્લામાં આદિવાસી ખેડૂતો દ્વારા પેઢીઓથી આ ચોખા ઉગાડવામાં આવે છે.
- કોરાપુટ કાલજીરા ચોખાને ઘણીવાર 'ચોખાના રાજકુમાર' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ ચોખા તેના કાળા રંગ, સુગંધ, સ્વાદિષ્ટ સ્વાદ અને આકર્ષક રચના માટે જાણીતા છે.
- તે ડાયાબિટિસને નિયંત્રિત કરે છે તથા હિમોગ્લોબિનનું સ્તર વધારે છે અને ચયાપચયને વેગ આપે છે.



**1.** ભારતમાં કયો દિવસ 'રાષ્ટ્રીય શિક્ષક દિન' તરીકે ઉજવાય છે ?

(A) 5 જૂન (B) 5 જુલાઈ (C) 5 ઓગસ્ટ (D) 5 સપ્ટેમ્બર

**(D)**

**2.** યુનેસ્કો દ્વારા દર વર્ષે કયો દિવસ 'વિશ્વ શિક્ષક દિન' તરીકે ઉજવાય છે ?

(A) 5 સપ્ટેમ્બર (B) 5 ઓક્ટોબર (C) 15 નવેમ્બર (D) 15 ડિસેમ્બર

**(B)**

**3.** 'ઈન્ટરનેશનલ ડે ઓફ ચેરિટી' અથવા તો 'દાન માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 સપ્ટેમ્બર (B) 4 સપ્ટેમ્બર (C) 5 સપ્ટેમ્બર (D) 6 સપ્ટેમ્બર

**(C)**

**4.** તાજેતરમાં અમેરિકન રાજ્ય જ્યોર્જિયાએ કયા મહિનાને 'હિન્દુ હેરિટેજ મહિનો' જાહેર કર્યો છે ?

(A) સપ્ટેમ્બર (B) ઓક્ટોબર (C) નવેમ્બર (D) ડિસેમ્બર

**(B)**

**5.** તાજેતરમાં WHOએ પ્રથમ 'WHO ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટ 2023'ના પરિણામ દસ્તાવેજ તરીકે.............નું અનાવરણ કર્યું છે.

(A) Gujarat Declaration (B) Delhi Declaration

(C) Goa Declaration (D) Bharat Declaration

**(A)**

**6.** તાજેતરમાં કોરાપુટ કાલજીરા ચોખાને GI ટેગ મળ્યો છે. તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?

(A) તમિલનાડુ (B) રાજસ્થાન (C) મધ્યપ્રદેશ (D) ઓડિશા

**(D)**





## એક રાષ્ટ્ર એક ચૂંટણી (one nation one election)



તાજેતરમાં કેન્દ્ર સરકારે 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' (one nation one election-ONOE) યોજનાની સંભવિતતાની ખાતરી કરવા માટે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે.

- આ સમિતિમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, જાણીતા ન્યાયશાસ્ત્રી શ્રી હરીશ સાલ્વે જેવા સભ્યોનો સમાવેશ થાય છે.

### સમિતિનો પ્રાથમિક હેતુ

- આ સમિતિનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર ભારતમાં લોકસભા, રાજ્ય વિધાનસભાઓ, નગરપાલિકાઓ અને પંચાયતો સહિત સરકારના વિવિધ સ્તરો માટે એકસાથે ચૂંટણીઓ યોજવાની સંભાવનાને તપાસવાનો છે.

### સમિતિ કયા પાસાઓની તપાસ કરશે

- સમિતિ સંભવિત બંધારણીય સુધારાઓ, રાજ્યની બહાલી, ત્રિશંકુ ગૃહ જેવા દશ્યો, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન જેવા લોજિસ્ટિક્સ અને એક મતદાર યાદીના ઉપયોગ સહિત કાયદાકીય અને લોજિસ્ટિકલ પાસાઓની શોધ કરશે.

### સમિતિ કાર્યનું અપેક્ષિત પરિણામ

- આ સમિતિ સંભવિતતા, કાયદાકીય માળખું, લોજિસ્ટિક્સ અને એક સાથે ચૂંટણીની પદ્ધતિઓ અંગે ભલામણો પ્રદાન કરશે, જે સંભવિતપણે ભારતમાં નોંધપાત્ર ચૂંટણી સુધારા તરફ દોરી જશે.

### વન નેશન વન ઈલેકશન સિસ્ટમ શું છે ?

દેશની વર્તમાન ચૂંટણી પ્રણાલીમાં પાંચ વર્ષના અંતરાલમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાઓ માટે અલગ અલગ ચૂંટણી યોજવામાં આવે છે.

- રાજ્યની વિધાનસભાઓની મુદત એકબીજા સાથે અથવા લોકસભાની સાથે સુમેળમાં હોય તે જરૂરી નથી. આથી, ચૂંટણીઓ યોજવાનું વિશાળ કાર્ય આખું વર્ષ ચાલું રહે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- <u>વન નેશન વન ઈલેક્શન સિસ્ટમ</u>નો પ્રસ્તાવ એ છે કે દેશની કેન્દ્રીય સરકાર અને રાજ્ય સરકાર માટે અલગ–અલગ સમયે ચૂંટણી કરવાના બદલે <u>દર પાંચ વર્ષે એક સાથે ચૂંટણી</u> કરવામાં આવે.
- આનો અર્થ એ થશે કે મતદારો લોકસભા અને રાજ્ય વિધાનસભાના સભ્યોને ચૂંટવા માટે એક જ દિવસે એક જ સમયે (અથવા તબક્કાવાર) રીતે તેમનો મત આપશે.

## ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

રાજ્યો અને લોકસભાની એકસાથે ચૂંટણી એ નવો કલ્પના કરાયેલ વિચાર નથી.

- હકીકતમાં ભારતમાં અગાઉ **<u>1952</u>**, **<u>1957</u>**, **<u>1962</u>** અને **<u>1967</u>**માં એકસાથે ચૂંટણીઓ યોજાઈ હતી.
- **<u>1968-69</u>**ની વચ્ચે કેટલીક વિધાનસભાઓના વિસર્જનને પગલે તે બંધ કરવામાં આવી હતી.
- ત્યારથી ભારતીય ચૂંટણી પ્રણાલી કેન્દ્ર અને રાજ્યો માટે અલગ–અલગ ચૂંટણી યોજે છે.
- <u>વર્ષ **1983**</u>માં ચૂંટણી પંચના વાર્ષિક અહેવાલમાં એકસાથે ચૂંટણી કરવાનો વિચાર રજૂ કરવામાં આવ્યો હતો.
- <u>શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર</u> **2014**માં સત્તામાં આવ્યા બાદ દેશમાં એક સાથે ચૂંટણીઓ યોજવા માટે મજબૂત પીચ આગળ ધપાવી હતી.
- **2018**માં કાયદા પંચે એક સાથે ચૂંટણીના અમલીકરણને સમર્થન આપતો ડ્રાફ્ટ રિપોર્ટ સબમીટ કર્યો હતો, જેમાં ચૂંટણી કાયદા અને તેને લગતા લેખોમાં ભલામણ કરવામાં આવી હતી.
- તેમણે એક સાથે ચૂંટણી યોજવા સંબંધિત સમાન અને બંધારણીય અવરોધો અને ઉકેલોની તપાસ કરી હતી.
- કાયદા પંચે સૂચન કર્યુ છે કે બંધારણમાં યોગ્ય સુધારા દ્વારા જ એક સાથે ચૂંટણી યોજી શકાય.
- કમિશને વધુમાં અભિપ્રાય આપ્યો કે ઓછામાં ઓછા **50%** રાજ્યોએ બંધારણીય સુધારાને બહાલી આપવી જોઈએ.
- આ ઉપરાંત <u>બીપી જીવન રેડ્ડીની</u> આગેવાની હેઠળના કાયદા પંચ દ્વારા **<u>1999</u>**માં પણ એક સાથે ચૂંટણી કરાવવાના વિચારની હિમાયત કરી હતી.

## એકસાથે ચૂંટણી યોજવાના ફાયદા

- લોકસભા–વિધાનસભાની ચૂંટણી એક સાથે થાય તો <u>ચૂંટણી ખર્ચ ઘટશે અને નાણાંની બચત</u> થશે.
- વહીવટી તંત્ર અને સુરક્ષા દળો પરનો બોજ ઘટશે.
- ચૂંટણીની <u>આચારસંહિતા</u> વારંવાર લાગુ પાડવાથી અટકતા વિકાસ કાર્યો રૂંધાશે નહીં.
- વારંવાર ચૂંટણી યોજવાથી થતા <u>વહીવટી ખર્ચ અને સમયની બરબાદી</u> અટકશે.
- <u>બ્લેક મની અને ભ્રષ્ટાચારને</u> રોકી શકાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- કાયદા પંચના મતે એકસાથે ચૂંટણી થવાથી મતદાનમાં પણ વધારો થશે.
- જો લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એકસાથે થાય તો વહીવટી તંત્રને સરકાર અને વિકાસ કાર્યોમાં જોડી શકાશે.

## પડકારો

'વન–નેશન વન–ઈલેક્શન'ના અમલીકરણમાં અનેક પડકારોનો સામનો કરવો પડશે :

**(1) શરતોનું સુમેળ :**

- એક સાથે ચૂંટણીઓ યોજવા માટે લોકસભા અને રાજ્ય વિધાનસભા બંનેની શરતો સંરેખિત હોવી જોઈએ.
- હાલમાં કેટલીક રાજ્ય વિધાનસભાઓમાં અલગ–અલગ સમયે ચૂંટણી હોય છે, જેના કારણે તેમની શરતોમાં ભિન્નતા જોવા મળે છે.
- સુમેળ હાંસલ કરવા માટે બંધારણીય સુધારાની જરૂર પડશે, જે અનુચ્છેદ 83(2), અનુચ્છેદ 85(2)(B), અનુચ્છેદ 172(1), અનુચ્છેદ 174(2) અને અનુચ્છેદ 356ને અસર કરશે.

**(2) સરકારનું સંસદીય સ્વરૂપ :**

- ભારતની સંસદીય પ્રણાલી આદેશ આપે છે કે સરકાર નીચલા ગૃહ (લોકસભા અથવા વિધાનસભા)ને જવાબદાર છે.
- જો સરકાર તેની મુદત પૂરી કરતા પહેલા પડી જાય તો ચૂંટણી અનિવાર્ય છે.
- 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' હાંસલ કરવા માટે સરકારના સંસદીય સ્વરૂપના આ સહજ લક્ષણને સંબોધિત કરવું આવશ્યક છે.

**(3) રાજકીય સર્વસંમતિ :**

- તમામ રાજકીય પક્ષોને 'વન નેશન વન ઈલેક્શન'ને સમર્થન આપવા માટે મનાવવા એ એક પ્રચંડ પડકાર છે.
- વિવિધ પક્ષોની વિવિધ ચિંતાઓ હોઈ શકે છે, જે આ નોંધપાત્ર ચૂંટણી સુધારણા પર સર્વ સંમતિને સુરક્ષિત બનાવે છે.

**(4) સંઘવાદના વિચારની વિરુદ્ધ :**

- વન નેશન વન ઈલેક્શનનો વિચાર 'સંઘવાદ'ની વિભાવના સાથે સુસંગત નથી કારણ કે તે એવી ધારણા પર આધારિત છે કે સમગ્ર રાષ્ટ્ર 'એક (one) છે, જે અનુચ્છેદ 1 દ્વારા ભારતને 'રાજ્યોના સંઘ' તરીકે વર્ણાવે છે તે વિચારનો વિરોધાભાસ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લોજિસ્ટિકલ પડકારો

### (1) EVM અને VVPATની જરૂરિયાતોમાં વધારો :

- હાલમાં દરેક મતદાન મથક પર એક જ વોટિંગ મશિનનો ઉપયોગ કરવામાં આવે છે.
- એક સાથે ચૂંટણી યોજવા માટે ભારતના ચૂંટણી પંચે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) અને વોટર વેરિફાઈડ પેપર ઓડિટ ટ્રેલ્સ' (VVPAT)નો પુરવઠો બમણો કરવાની જરૂર પડશે. એક વિધાનસભા ચૂંટણી માટે અને બીજું લોકસભા ચૂંટણી માટે.

### (2) વધારાનો પોલિંગ સ્ટાફ :

- એક સાથે ચૂંટણીઓ યોજવા માટે મતદાન સ્ટાફનો મોટો સમૂહ એકસાથે ચૂંટણીના બંને સેટનું સંચાલન કરવા માટે જરૂરી છે. તે ચૂંટણી પંચ માટે તાલીમ પડકાર ઊભો કરે છે.

### (3) સામગ્રી પરિવહન :

- મતદાન મથકો પર ચૂંટણી સામગ્રીના પરિવહનનું સંકલન કરવું, જેમાં EVM, VVPAT અને અન્ય સાધનોનો સમાવેશ થાય છે.
- એક સાથે ચૂંટણીઓ જટિલ બની જાય છે. કારણ કે યોગ્ય મતદાન મથકો પર સમયસર વિતરણ કરવું મહત્વપૂર્ણ છે.

### (4) ઉન્નત સુરક્ષા જરૂરિયાતો :

- એકસાથે ચૂંટણીઓ માટે મતદાન મથકો પર કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કેન્દ્રીય પોલીસ દળોમાં વધારો સહિત સુરક્ષાના વધુ પગલાંની જરૂર પડશે.

### (5) સંગ્રહ પડકારો :

- ચૂંટણી પંચને ચૂંટણી પછી EVM સ્ટોર કરવામાં પહેલેથી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.
- એક સાથે ચૂંટણીના કારણે મશિનોની મોટી ઈન્વેન્ટરીની જરૂરિયાત સાથે સુરક્ષિત અને યોગ્ય સ્ટોરેજ સુવિધાઓ શોધવી વધુ દબાણયુક્ત બની જાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશાખાપટ્ટનમ બંદર પર આંતરરાષ્ટ્રીય ક્રૂઝ ટર્મિનલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું



તાજેતરમાં શિપિંગ મંત્રી શ્રી સર્બાનંદ સોનવાલે વિશાખાપટ્ટનમ બંદર પર રૂ. 333 કરોડના મૂલ્યોના અન્ય કેટલાક પ્રોજેક્ટ્સ સાથે વિઝાગ ઈન્ટરનેશનલ ક્રૂઝ ટર્મિનલ (VICT)નું ઉદ્ઘાટન કર્યુ છે.

- આ પ્રોજેક્ટ્સમાં કવર્ડ સ્ટોરેજ શેડ, વર્લ્ડ ક્લાસ ટ્રક પાર્કિંગ ટર્મિનલ અને વધારાની સુવિધાઓનો સમાવેશ થાય છે.
- ક્રૂઝ ટર્મિનલ એક સાથે 2000 મુસાફરોને સેવા આપવા સક્ષમ છે, તે વિશાખાપટ્ટનમને ભાવિ ક્રૂઝ હબ તરીકે વિકસાવવા તરફ મહત્વપૂર્ણ પગલું છે.
- શ્રી સર્બાનંદ સોનવાલે 2030 સુધીમાં નવ લાખથી વધુ મુસાફરોને હેન્ડલ કરવાનું લક્ષ્ય નક્કી કર્યુ છે.
- જેમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને પ્રવાસીઓનો સમાવેશ થાય છે.
- જ્યારે આચ્છાદિત સ્ટોરેજ શેડ 84,000 ટન જથ્થાબંધ અને બેગવાળા કાર્ગોને હેન્ડલ કરી શકે છે.
- ટ્રક પાર્કિંગ ટર્મિનલ 666 વાહનોને સમાવી શકે છે અને 100 બેડનું શયનગૃહ, દુકાનો અને અન્ય સુવિધાઓ પૂરી પાડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





1. તાજેતરમાં કેન્દ્ર સરકારે 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' (one nation one election) યોજનાની સંભવિતતાની ખાતરી કરવા માટે કોની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે ?

(A) સુશ્રી દ્રોપદી મુર્મુ (B) શ્રી રામનાથ કોવિંદ

(C) શ્રી રાજનાથ સિંહ (D) શ્રી ઓમ બિરલા **(B)**

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'One nation One election' વિશે (ભારતના સંદર્ભમાં) નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે લોકસભા અને રાજ્ય વિધાનસભાના સભ્યોને ચૂંટવા માટે એક જ દિવસે એક જ સમયે અથવા તબક્કાવાર) ચૂંટણી યોજવાનો પ્રસ્તાવ છે.
2. ભારતમાં અગાઉ 1952, 1957, 1962 અને 1967માં એકસાથે ચૂંટણીઓ યોજાઈ હતી.
3. વર્ષ 1952માં સૌપ્રથમ કપુર કમિશનની ભલામણને આધારે સૌપ્રથમ એકસાથે ચૂંટણી યોજાઈ હતી.
4. વર્ષ 1967માં મુખર્જી કમિશનની ભલામણને આધારે એક સાથે ચૂંટણી યોજવાનું બંધ કર્યુ હતું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(B)**

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' વિશે નીચેના વિધાન પર વિચાર કરો :

1. લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે થાય તો ચૂંટણી ખર્ચ ઘટશે અને નાણાંની બચત થશે.
2. વહીવટી દળો અને સુરક્ષા દળો પરનો બોજ ઘટશે.
3. એકસાથે ચૂંટણી થવાથી મતદાનમાં પણ વધારો થશે.

ઉપરોક્તમાંથી કયું વિધાન એકસાથે ચૂંટણી યોજવાના ફાયદા સંબંધિત છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 2 (D) 1, 2 અને 3 **(D)**

4. તાજેતરમાં કયા બંદર પર આંતરરાષ્ટ્રીય ક્રૂઝ ટર્મિનલનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું ?

(A) વિશાખાપટ્ટનમ (B) કંડલા

(C) મુર્મુગોવા (D) માંડવી **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 07 સપ્ટેમ્બર, વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ (International Day of Clean Air for Blue Skies)




7 સપ્ટેમ્બર, 2023ના રોજ સમગ્ર વિશ્વમાં 'વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.

- સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા 19 ડિસેમ્બર, 2019ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત 2020માં આ દિવસની પ્રથમ વખત ઉજવણી કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ વાયુ પ્રદુષણ અને તેના દુષ્પ્રભાવો અંગે જાગૃતિ કેળવવાનો છે.
- વર્ષ 2023ના 'વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ'ની થીમ 'Together For Clean Air' છે.

## ભારતનું પ્રથમ UPI-ATM




ભારતનું પ્રથમ UPI-ATM 5 સપ્ટેમ્બર, 2023ના રોજ હિટાચી પેમેન્ટ સર્વિસ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.

- તે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)ના સહયોગથી વિકસાવવામાં આવેલ વ્હાઈટ લેબલ ATM (WLA) છે.
- ATM 'સીમલેસ રોકડ ઉપાડ'ને સક્ષમ કરવા અને ભૌતિક ATM કાર્ડ સાથે રાખવાની જરૂરિયાતને દૂર કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.
- તેનો હેતુ મર્યાદિત પરંપરાગત બેંકિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા વિસ્તારોમાં બેંકિંગ સેવાઓને વધુ સુલભ બનાવીને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવાનો પણ છે.
- UPI ATMને ઈન્ટરઓપરેબલ કાર્ડલેસ કેશ ઉપાડ (ICCW) તરીકે પણ ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આસિયાન 2026 માટે મ્યાનમારની અધ્યક્ષતાનો અસ્વીકાર

એસોસિએશન ઓફ સાઉથઈસ્ટ એશિયન નેશન્સ (ASEAN)ના નેતાઓએ મ્યાનમારને વર્ષ 2026માં તેમના પ્રાદેશિક જૂથનું ક્રમિક અધ્યક્ષપદ સંભાળવાની તક નકારવાનો નિર્ણય કર્યો છે.

- આ નિર્ણય મ્યાનમારના શાસક સેનાપતિઓ માટે એક મોટો ફટકો છે જેઓ 2021માં હિંસક રીતે સત્તા પર કબજો કર્યા પછી આંતરરાષ્ટ્રીય માન્યતા મેળવવા માંગે છે.

- ઈન્ડોનેશિયા દ્વારા આયોજિત આસિયાન સમિટમાં ફિલિપાઈન્સ 2026માં પ્રાદેશિક જૂથનું અધ્યક્ષપદ સંભાળવા સંમત થયું છે.
- આસિયાન રાજદ્વારીઓએ સૂચવ્યું છે કે મ્યાનમારનો બહિષ્કાર દેશની અંદર ચાલી રહેલા નાગરિક સંઘર્ષ સાથે સંબંધિત છે.
- વધુમાં એવી ચિંતાઓ છે કે મ્યાનમારની લશ્કરી આગેવાનીવાળી સરકારને માન્યતા ન આપવાથી યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપિયન યુનિયન સહિત અન્ય આંતરરાષ્ટ્રીય અભિકર્તા સાથેના આસિયાનના સંબંધો પર નકારાત્મક અસર પડી શકે છે.

## 20મી ASEAN-ભારત સમિટ 2023




20મી આસિયાન–ભારત સમિટ 7 સપ્ટેમ્બર, 2023ના રોજ ઈન્ડોનેશિયાના જકાર્તામાં યોજાઈ હતી.

- આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 20મી આસિયાન–ભારત સમિટ અને 18મી ઈસ્ટ એશિયા સમિટમાં હાજરી આપી હતી.
- આસિયાન–ભારત સમિટમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આસિયાન–ભારત વ્યાપક વ્યૂહાત્મકતાને વધુ મજબૂત કરવા પર આસિયાન ભાગીદારો સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી.
- આ સમિટની થીમ 'ASEAN Matters : Epicentrum of Growth' હતી.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે ASEAN એ ભારતની એક્ટ ઈસ્ટ પોલિસીનો કેન્દ્રિય આધાર સ્તંભ છે.
- જે તેની વિદેશ નીતિના અભિગમમાં દક્ષિણપૂર્વ એશિયાઈ રાષ્ટ્રો સાથે ભારતના સંબંધોના મહત્ત્વને રેખાંકિત કરે છે.
- ભારતે ASEAN–ભારત કેન્દ્રિયતા અને ઈન્ડો–પેસિફિક પર ASEANના દૃષ્ટિકોણ માટે સમર્થન વ્યક્ત કર્યું હતું.
- નોંધનીય છે કે થોડા દિવસ પહેલા 20મી આસિયાન–ભારત આર્થિક મંત્રીઓની બેઠક ઈન્ડોનેશિયાના સેમારંગમાં યોજાઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ASEAN

**ASEANનું પૂરું નામ '<u>Association of Southeast Asian Nations</u>' છે.**

- **આસિયાન એ દક્ષિણ–પૂર્વ એશિયાના 10 દેશોનું સંગઠન છે.**
- **તેના સભ્ય દેશોમાં બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, કંબોડિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે.**
- **<u>ભારત</u> આસિયાનનું સભ્ય નથી.**
- **<u>8 ઓગસ્ટ, 1967</u>ના રોજ થાઈલેન્ડની રાજધાની <u>બેંગકોક</u>માં આસિયાનની સ્થાપના થઈ હતી.**
- **આસિયાનનું સચિવાલય <u>ઈન્ડોનેશિયાના જકાર્તા</u> ખાતે આવેલું છે.**



**1.** 'વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 સપ્ટેમ્બર (B) 7 સપ્ટેમ્બર (C) 8 સપ્ટેમ્બર (D) 9 સપ્ટેમ્બર

**(B)**

**2.** તાજેતરમાં કઈ કંપનીએ NPCI સાથે ભાગીદારીમાં ભારતનું પ્રથમ UPI-ATM રજૂ કર્યુ છે ?

(A) Beetel (B) Celkon (C) Hitachi (D) HCL

**(C)**

**3.** આસિયાન 2026 માટે કયા દેશની અધ્યક્ષતાનો આસિયાન નેતાઓએ અસ્વીકાર કર્યો છે ?

(A) બ્રુનેઈ (B) મ્યાનમાર (C) વિયેતનામ (D) ઈન્ડોનેશિયા

**(B)**

**4.** 20મી આસિયાન–ભારત સમિટ કયાં યોજાઈ હતી ?

(A) જકાર્તા, ઈન્ડોનેશિયા (B) ફનોમ પેન્હ, કંબોડિયા

(C) બેંગકોક, થાઈલેન્ડ (D) મંડાઉ, ફિલિપાઈન્સ

**(A)**

**5.** નીચેના દેશો પર વિચાર કરો :

1. ઓસ્ટ્રેલિયા
2. બ્રુનેઈ
3. કંબોડિયા
4. મ્યાનમાર
3. સિંગાપોર

ઉપરોક્ત દેશોમાંથી કયો દેશ ASEANનો સભ્ય નથી :

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 3 અને 4

(C) માત્ર 1 અને 5 (D) માત્ર 1

**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 08 સપ્ટેમ્બર, (1) વિશ્વ સાક્ષરતા દિવસ (International Literacy Day)
## (2) વિશ્વ ભૌતિક ચિકિત્સા દિવસ (World Physical Therapy Day)

### વિશ્વ સાક્ષરતા દિવસ




સમગ્ર વિશ્વમાં સાક્ષરતાના મહત્ત્વ અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 8 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ સાક્ષરતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનેસ્કો (UNESCO) દ્વારા 17 નવેમ્બર, 1966ના રોજ આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 1967થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- વર્ષ 2023ની 'વિશ્વ સાક્ષરતા દિવસ'ની થીમ 'Promoting Literacy for a world in transition : Building the foundation for sustainable and peaceful societies' છે.

નોંધ : (1) UNESCOનું પૂરું નામ 'United Nations Educational Scientific and Cultural Organization' છે.

(2) તેનું વડું મથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્વચ્છ વાયુ સર્વેક્ષણ 2023 : ઈન્દોર ટોચ પર



કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે ભોપાલમાં 'સ્વચ્છ વાયુ સર્વેક્ષણ 2023' અથવા 'સ્વચ્છ હવા સર્વેક્ષણ 2023'ના પરિણામોની જાહેરાત કરી હતી.

- આ સર્વે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) દ્વારા કરવામાં આવ્યો હતો.
- જેમાં મધ્યપ્રદેશનું ઈન્દોર 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં ટોચ પર છે.

### સ્વચ્છ વાયુ સર્વેક્ષણ વિશે

સપ્ટેમ્બર 2022માં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ (NCAP) હેઠળ 'સ્વચ્છ વાયુ સર્વેક્ષણ–શહેરોની રેન્કિંગ' પર માર્ગદર્શિકા બહાર પાડી હતી.

- સ્વચ્છ વાયુ સર્વેક્ષણ શરૂ કરવાનો ઉદ્દેશ્ય 2025-26 સુધીમાં વાયુ પ્રદૂષણને 40% ઘટાડવા માટે NCAPના ભાગરૂપે તૈયાર કરાયેલ સિટી એક્શન પ્લાનના અમલીકરણ માટે દેશના 131 શહેરોને રેન્કિંગ આપવાનો છે.
- શહેરોને બિન–પ્રાપ્તિ જાહેર કરવામાં આવે છે, જો તેઓ PM10 અથવા NO2 માટે સતત 5-વર્ષના સમયગાળા દરમિયાન NAAQS માપદંડોને પૂર્ણ કરતા નથી.
- શહેરોનું વર્ગીકરણ 2011ની વસતી ગણતરીના આધારે કરવામાં આવ્યું હતું.
- શહેરોનું મૂલ્યાંકન આઠ મુખ્ય માપદંડોને આધારે કરવામાં આવ્યું હતું :
  (1) બાયોમાસનું નિયંત્રણ, (2) મ્યુનિસિપલ વિશિષ્ટ દહન, (3) રસ્તાની ધૂળ,
  (4) બાંધકામ અને ડિમોલિશન કચરામાંથી ધૂળ, (5) વાહનોનું ઉત્સર્જન,
  (6) ઔદ્યોગિક ઉત્સર્જન, (7) જનજાગૃતિ, (8) PM10 સાંદ્રતામાં સુધારો
- વસતીના આધારે 131 શહેરોને ત્રણ જૂથોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે :
  (1) 10 લાખથી વધુ વસતી ધરાવતા 47 શહેરો પ્રથમ જૂથમાં છે.
  (2) 3 થી 10 લાખની વચ્ચે વસતી ધરાવતા 44 શહેરો બીજા જૂથમાં છે.
  (3) ત્રીજા જૂથમાં 3 લાખથી ઓછી વસતી ધરાવતા 40 શહેરોનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્વચ્છ વાયુ સર્વેક્ષણ 2023

### 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોનો રેન્ક

| Rank | City/Town |
|---|---|
| 1 | ઈન્દોર |
| 2 | આગ્રા |
| 3 | થાણે |
| 4 | શ્રીનગર |
| 5 | ભોપાલ |
| 6 | ત્રિચી |
| 7 | વડોદરા |
| 8 | અમદાવાદ |
| 9 | દિલ્હી |
| 10 | મુંબઈ |

## 3 થી 10 લાખની વચ્ચે વસતી ધરાવતા શહેરોનો રેન્ક

| Rank | City/Town |
|---|---|
| 1 | અમરાવતી |
| 2 | મુરાદાબાદ |
| 3 | ગુંટૂર |

## 3 લાખથી ઓછી વસતી ધરાવતા શહેરોનો રેન્ક

| Rank | City/Town |
|---|---|
| 1 | પરવાનુ (Parwanoo) |
| 2 | કાલા અંબ |
| 3 | અંગુલ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (NCAP)નો હેતુ તમામ હિસ્સેદારોને સામેલ કરીને જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત કરીને વાયુ પ્રદૂષણને વ્યવસ્થિત રીતે સંબોધવાનો છે.

(2) 2020માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સર્વગ્રાહી અભિગમ દ્વારા 100થી વધુ શહેરોમાં હવાની ગુણવત્તા સુધારવાના હેતુ અને યોજનાની જાહેરાત કરી હતી.






1. 'વિશ્વ સાક્ષરતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 સપ્ટેમ્બર (B) 9 સપ્ટેમ્બર (C) 10 સપ્ટેમ્બર (D) 11 સપ્ટેમ્બર **(A)**

2. 'વિશ્વ સાક્ષરતા દિવસ' 2023ની થીમ શું છે ?

(A) Promoting Literacy for a world in transition : Building the foundation for sustainable and peaceful societies

(B) Transforming Literacy Learning Spaces

(C) Literacy For a human Centred recovery : Narrowing the digital divided

(D) Literacy and multilingualism **(A)**

3. 'વિશ્વ ભૌતિક ચિકિત્સા દિવસ' અથવા તો 'World Physical Therapy Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 સપ્ટેમ્બર (B) 8 સપ્ટેમ્બર (C) 9 સપ્ટેમ્બર (D) 10 સપ્ટેમ્બર **(B)**

4. તાજેતરમાં 'સ્વચ્છ વાયુ સર્વેક્ષણ 2023'ના પરિણામોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં પ્રથમ ક્રમે કયું શહેર છે ?

(A) શ્રીનગર (B) થાણે (C) આગ્રા (D) ઈન્દોર **(D)**

5. તાજેતરમાં 'સ્વચ્છ વાયુ સર્વેક્ષણ 2023'ના પરિણામોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં 3 થી 10 લાખની વચ્ચે વસતી ધરાવતા શહેરોની કેટેગરીમાં કયું શહેર પ્રથમ ક્રમે છે ?

(A) ભોપાલ (B) અમરાવતી (C) ગુંટુર (D) મુરાદાબાદ **(B)**

6. તાજેતરમાં 'સ્વચ્છ વાયુ સર્વેક્ષણ 2023'ના પરિણામોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં 3 લાખથી ઓછી વસતી ધરાવતા શહેરોની કેટેગરીમાં કયું શહેર પ્રથમ ક્રમે છે ?

(A) ગુંટુર (B) કાલા અંબ

(C) અંગુલ (D) પરવાનું (Parwanoo) **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દિવસ મહિમા : 09 સપ્ટેમ્બર, (1) હુમલાથી શિક્ષણના રક્ષણ માટેનો દિવસ (International Day to Protect Education from Attak)
(2) હિમાલય દિવસ (Himalaya Day)
(3) વિશ્વ EV દિવસ

## હિમાલય દિવસ



હિમાલય દિવસની ઉજવણી દર વર્ષે 9 સપ્ટેમ્બરના રોજ હિમાલયન ઈકોસિસ્ટમ અને પ્રદેશને બચાવવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવે છે.

- વર્ષ 2015માં ઉતરાખંડના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી દ્વારા 9 સપ્ટેમ્બરને સત્તાવાર રીતે હિમાલય દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો.
- હિમાલય પ્રકૃતિને બચાવવા અને જાળવવામાં અને દેશને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓથી બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ EV દિવસ




ઈ–મોબિલિટીની ઉજવણી નિમિત્તે દર વર્ષે 9 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ EV દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ પ્રસંગે લોકોને ઈલેક્ટ્રિક વાહનોના ફાયદાઓ વિશે શિક્ષિત કરવા માટે વિશ્વભરમાં વિશેષ જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે.
- તે એક સોશિયલ મીડિયા અભિયાન છે જે ડ્રાઈવરોને ઈલેક્ટ્રિક વાહનોના ફાયદાઓ ઓળખવા માટે પ્રોત્સાહિત કરે છે.
- વિશ્વ EV દિવસની પહેલ સસ્ટેનેબિલિટી મીડિયા કંપની Green TV દ્વારા બનાવવામાં આવી હતી.
- વિશ્વ EV દિવસની પ્રથમ આવૃત્તિ 2020માં ઉજવવામાં આવી હતી.

## બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS)



તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS)ના વિકાસ માટે વાયબિલિટી ગેપ ફંડિંગ (VGF) યોજનાને મજૂરી આપી છે.

- જેનો ઉદ્દેશ્ય પુન:પ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોને અપનાવવાનો અને પ્રોત્સાહન આપવાનો છે.
- બેટરી સ્ટોરેજ અથવા BESS એવા ઉપકરણો છે કે જે સૌર અને પવન જેવા રિન્યુએબલ્સની ઊર્જાને સંગ્રહિત કરવા અને જ્યારે પાવરની સૌથી વધુ જરૂર હોય ત્યારે તેને છોડવામાં સક્ષમ કરે છે.

નોંધ : વાયેબિલિટી ગેપ ફંડિંગ (VGF) એ ફાઈનાન્સિંગ મિકેનિઝમ છે, જેનો ઉપયોગ સરકારો દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની કિંમત અને તેમની આર્થિક શક્યતા વચ્ચેના તફાવતને દૂર કરવા માટે થાય છે.

### બેટરી સ્ટોરેજ માટે VGF યોજના

બેટરી સ્ટોરેજ સિસ્ટમની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો કરવા માટે સરકાર વાયેબિલિટી ગેપ ફંડિંગ (VGF) દ્વારા બજેટીય સહાય તરીકે મૂડી ખર્ચના 40% સુધીની નાણાકીય સહાય પૂરી પાડશે, જેથી તેઓ વધુ આર્થિક રીતે સક્ષમ બને.

- આ યોજના નાગરિકોને સ્વચ્છ, ભરોસાપાત્ર અને સસ્તું વીજળી પૂરી પાડવા માટે સૌર અને પવન ઊર્જા જેવા નવીનીકરણીય ઊર્જાસ્ત્રોતોની સંભવિતાનો ઉપયોગ કરવા વ્યૂહાત્મક રીતે તૈયાર કરવામાં આવી છે.
- યોજનાનો લાભ ગ્રાહકો સુધી પહોંચે તેની ખાતરી કરવા માટે BESS પ્રોજેક્ટ ક્ષમતાના ઓછામાં ઓછા 85% વિતરણ કંપનીઓ (Discoms)ને ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ વ્યૂહાત્મક પગલું માત્ર વિદ્યુત ગ્રીડમાં નવીનીકરણીય ઊર્જાના એકીકરણને જ મજબૂત બનાવતું નથી પરંતુ કચરાને પણ ઘટાડે છે અને ટ્રાન્સમિશન નેટવર્કના ઉપયોગને શ્રેષ્ઠ બનાવે છે.
- પરિણામે તે ખર્ચાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડની જરૂરિયાતને ઘટાડે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉદ્દેશ્ય

આ યોજનાનો પ્રાથમિક ઉદ્દેશ્ય 2030-31 સુધીમાં BESS પ્રોજેક્ટ્સના 4000 મેગાવોટ કલાક (mwh)ના વિકાસને સરળ બનાવવાનો છે.

- વાયેબિલિટી ગેપ ફંડિંગ (VGF) ધિરાણ પ્રદાન કરીને રૂ. 5.50 થી રૂ. 6.60 પ્રતિ કિલોવોટ કલાક (kwh) વચ્ચે સંગ્રહ સ્તરીય કિંમત પ્રાપ્ત કરવાનો છે.
- આ ખર્ચ–અસરકારકતા સંગ્રહિત પુનઃપ્રાપ્ય ઊર્જાને સમગ્ર દેશમાં પીક પાવર માંગને સંચાલિત કરવા માટે એક સક્ષમ વિકલ્પ બનાવે છે.

## મહત્ત્વ

ભારત સરકાર સ્વચ્છ અને ગ્રીન ઊર્જા સોલ્યુશન્સને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

- BESS યોજના રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરીને અને બેટરી સ્ટોરેજ પ્રોત્સાહન આપીને આ વિઝનને હાંસલ કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું રજૂ કરે છે.
- આ પહેલનો ઉદ્દેશ્ય વૈશ્વિક સ્થિરતાના લક્ષ્યોને અનુરૂપ તમામ નાગરિકો માટે ઉજ્જવળ અને ગ્રીન ભવિષ્યનું નિર્માણ કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**1.** યુનાઈટેડ નેશન્સ દ્વારા 'હુમલાથી શિક્ષણના રક્ષણ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 સપ્ટેમ્બર (B) 7 સપ્ટેમ્બર (C) 8 સપ્ટેમ્બર (D) 9 સપ્ટેમ્બર **(D)**

**2.** ભારતમાં કયા દિવસે 'હિમાલય દિવસ' ઉજવવામાં આવે છે ?

(A) 9 સપ્ટેમ્બર (B) 10 સપ્ટેમ્બર (C) 11 સપ્ટેમ્બર (D) 12 સપ્ટેમ્બર **(A)**

**3.** કયા દિવસના રોજ 'વિશ્વ EV દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 9 સપ્ટેમ્બર (B) 10 સપ્ટેમ્બર (C) 11 સપ્ટેમ્બર (D) 12 સપ્ટેમ્બર **(A)**

**4.** તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS)ના વિકાસ માટે વાયેબિલિટી ગેપ ફંડિંગ (VGF) યોજનાને મંજૂરી આપી છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજનાનો પ્રાથમિક ઉદ્દેશ્ય 2030-31 સુધીમાં BESS પ્રોજેક્ટ્સના 4000 મેગાવોટ કલાક (mwh)ના વિકાસને સરળ બનાવવાનો છે.
2. આ યોજના અંતર્ગત VGF ધિરાણ પ્રદાન કરીને રૂ. 5.50 થી રૂ. 6.60 પ્રતિ કિલોવોટ કલાક (kwh) વચ્ચે સંગ્રહ સ્તરીય કિંમત પ્રાપ્ત કરવાનો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાત

➤ **રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીના હસ્તે 34 શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પુરસ્કાર અર્પણ કરાયા**



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શિક્ષક દિવસ નિમિત્તે ગાંધીનગરમાં વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં આયોજિત ગરિમાપૂર્ણ સમારોહમાં 34 શિક્ષકોનું 'શ્રેષ્ઠ રાજ્ય પુરસ્કાર'થી સન્માન કર્યુ હતું. આ ઉપરાંત રાજ્યના 11 શ્રેષ્ઠ તેજસ્વી વિદ્યાર્થીઓને પણ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફૂલભાઈ પાનશેરિયા તેમજ મુખ્ય સચિવ શ્રી રાજકુમાર પણ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે 2047માં દેશની આઝાદીની શતાબ્દી વેળાએ ભારત માતાને વિશ્વ ગુરુના સ્થાને બિરાજિત કરાવવામાં સમગ્ર શિક્ષક સમુદાયને રાષ્ટ્રહિત, રાજ્યહિત, સમાજહિત હૈયે રાખી વિદ્યાર્થીઓ માટે દીવાદાંડી રૂપ બનવા પ્રેરક આહવાન કર્યુ હતું.

➤ **રાજ્યમાં ગ્રીન ક્લીન શહેરી પરિવહન સેવાને પ્રોત્સાહન આપતો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો જનહિતકારી નિર્ણય**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગ્રીન ક્લીન ગુજરાત નેમ સાથે રાજ્યની મહાનગરપાલિકાઓમાં સંચાલિત શહેરી પરિવહન સેવાની CNG અને ઈ–બસો માટે આપવામાં આવતા અનુદાનમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્રીન ગ્રોથ માટે પર્યાવરણીય પ્રિય ટ્રાન્સપોર્ટેશન સુવિધાઓ અને બિન પરંપરાગત ઊર્જાના ઉપયોગને વેગ આપવા આહવાન કરેલું છે. ગુજરાતે વડાપ્રધાનશ્રીના આહવાનને ઝિલી લઈને મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અંતર્ગત હાલ 3 મહાનગરપાલિકાઓના 1068 CNG અને 382 ઈ–બસ શહેરી પરિવહન સેવામાં કાર્યરત કરેલી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ બસ સેવાઓ માટે જે તે મહાનગર પાલિકાઓ અને નગરપાલિકાઓને PPP ધોરણે પરિવહન સેવાઓના સંચાલન અનુદાન પેટે આપવામાં આવતી રકમમાં વધારો કરવાનો અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આ નિર્ણય અનુસાર મહાનગરપાલિકાઓને CNG બસના સંચાલન અન્વયે અગાઉ કિલોમીટર દીઠ અપાતા રૂ. 12.50ના સ્થાને હવે રૂ. 18 આપવામાં આવશે. તેમજ વાયેબિલિટી ગેપ ફંડિંગ–ઘટના અગાઉના મહત્તમ 50% મળતા હતા તેમાં 10 ટકાનો વધારો કરીને હવે 60 ટકા આપવામાં આવશે. નોંધનીય છે કે રાજ્ય સરકારે મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન સુવિધા અંતર્ગત કુલ 2,864 બસની કરેલી જોગવાઈઓ સામે 662 ઈ–બસ અને 1097 CNG એમ કુલ 1759 બસોને મંજૂરી આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ હુલોંગાપર ગિબન અભયારણ્ય



પ્રાઈમેટોલોજસ્ટ્સે 1.65 કિમી લાંબા રેલવે ટ્રેકના રૂટને બદલવાનો પ્રસ્તાવ મૂકયો છે. જે પૂર્વી આસામમાં હુલોંગાપર ગિબન અભયારણ્યને બે અસમાન ભાગોમાં વહેંચે છે. આ અભયારણ્યમાં પશ્ચિમી હૂલોક ગીબોન્સ જોવા મળે છે. મુખ્યત્વે ગિબન્સ દક્ષિણ પૂર્વ એશિયાના ઉષ્ણકટિબંધિય અને ઉપોષ્ણકટિબંધીય જંગલોમાં જોવા મળે છે અને તે તમામ વાંદરાઓમાં સૌથી નાના અને સૌથી બુદ્ધિશાળી તરીકે પણ ઓળખાય છે. હુલોક ગિબન વિશ્વભરમાં જોવા મળતી 20 ગિબન પ્રજાતિઓમાંથી એકનું પ્રતિનિધિત્વ કરે છે. હૂલોક ગિબન એ ભારતની એકમાત્ર વાનર પ્રજાતિ છે. હુલોંગાપર બિન અભયારણ્ય જે અગાઉ ગિબન વન્યજીવ અભયારણ્ય તરીકે ઓળખાતું હતું, તે ભારતના આસામના જોરહાટ જિલ્લામાં આવેલું છે. વર્ષ 1997માં આ અભયારણ્યની સ્થાપના થઈ હતી.

### ➤ ગ્લોબલ વોર્મિંગને કારણે ભારતમાં ભૂગર્ભ જળની અછત 2080 સુધીમાં ત્રણ ગણી થશે

તાજેતરનો અહેવાલ દર્શાવે છે કે ગ્લોબલ વોર્મિંગની અસરોને કારણે ભારતમાં ભૂગર્ભજળના અવક્ષયનો દર 2041 અને 2080 વચ્ચે ત્રણ ગણો થશે. વરસાદમાં સંભવિત વધારો હોવા છતાં વધતા તાપમાનથી ભૂગર્ભજળના સંસાધનોની માંગમાં વધારો થશે, જે દેશના પાણી અને ખાદ્ય સુરક્ષા માટે નોંધપાત્ર જોખમ ઉભું કરશે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે જેમ જેમ તાપમાન વધે છે તેમ ખેડૂતો પાકની વધતી જતી પાણીની જરૂરિયાતોને પહોંચી વળવા ભૂગર્ભજળના નિષ્કર્ષણને વધુ તીવ્ર બનાવે છે.

### ➤ પર્સનલાઈઝ્ડ એડેપ્ટિવ લર્નિંગ (PAL) DIKSHAમાં એકીકૃત કરવામાં આવશે

નેશનલ ઈ–ગવર્નન્સ ડિવિઝન (NeGD), ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલયનો એક ભાગ પર્સનલાઈઝ્ડ એડેપ્ટિવ લર્નિંગ (PAL)ને વર્તમાન Digital Infrastructure for knowledge sharing (DIKSHA) પ્લેટફોર્મમાં એકીકૃત કરવાની યોજના ધરાવે છે. PAL વિદ્યાર્થીઓને તેમની વ્યક્તિગત જરૂરિયાતો અને ક્ષમતાઓને આધારે અનુરૂપ શિક્ષણ અનુભવ પ્રદાન કરવા માટે AI–સંચાલિત સોફ્ટવેરનો ઉપયોગ કરે છે. DIKSHA શિક્ષણ મંત્રાલય હેઠળ ઓનલાઈન પોર્ટલ અને મોબાઈલ એપ દ્વારા શાળાઓને ઈ–કનેક્ટ પ્રદાન કરે છે. તેની ઉપયોગિતા હોવા છતાં દીક્ષામાં ગતિશિલ સામગ્રીનો અભાવ છે. PALના સંકલનનો હેતુ અંતરાળને ઓળખી અને વિદ્યાર્થીઓને મૂળભૂત ખ્યાલો પર પાછા લાવીને શીખવવાના પરિણામોને વધારવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ NCERTને ડીમ્ડ-ટુ-બી-યુનિવર્સિટીનો દરજ્જો



તાજેતરમાં નવી દિલ્હીમાં નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)ના 63મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં NCERTની નોંધપાત્ર સિદ્ધિને ધ્યાનમાં રાખીને તેને ડીમ્ડ–ટુ–બી યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો હતો. આ ઈવેન્ટના મુખ્ય મુદ્દાઓ આ મુજબ છે : (1) મેજિક બોક્સ NCERT દ્વારા વિકસિત 3 થી 8 વર્ષના બાળકો માટે રમત– આધારિત શિક્ષણ સામગ્રી, પરિવર્તનના સાધન તરીકે જોવામાં આવે છે. તેનાથી દેશના 10 કરોડ બાળકોને ફાયદો થશે. (2) માતૃભાષાનો પ્રચાર અને અદ્યત્તન તકનીકોનું એકીકરણમાં પ્રાદેશિક ભાષાઓના જતન અને સંવર્ધન માટે માતૃભાષામાં શૈક્ષણિક સામગ્રી વિકસાવવાના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત એ પણ હાઈલેટ કરવામાં આવ્યું હતું કે NCERT અનુવાદિની જેવા સોફ્ટવેરની મદદથી 22 ભાષાઓમાં શૈક્ષણિક સામગ્રી વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે. (3) આ કાર્યક્રમમાં ઉદ્યોગ 4.0 દ્વારા ઊભા થયેલા પડકારોને પહોંચી વળવા માટે ભારતના યુવાનોને તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

## ➤ ભારતમાં ગ્રીન હાઈડ્રોજન પાઈલોટ્સ કોન્ફરન્સનું આયોજન




18મી G20 સમિટની તૈયારી માટે 5 સપ્ટેમ્બર, 2023ના રોજ નવી દિલ્હીમાં 'ગ્રીન હાઈડ્રોજન પાઈલોટ્સ ઈન ઈન્ડિયા' નામની એક દિવસીય કોન્ફરન્સ યોજાઈ હતી. આ કાર્યક્રમનું આયોજન NTPC લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું હતું, જે ભારતની અગ્રણી સંકલિત વીજ ઉત્પાદક કંપની છે. ભારતભરમાં જાહેર અને ખાનગી ક્ષેત્રની કંપનીઓ દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ ગ્રીન હાઈડ્રોજન પાયલોટ પ્રોજેક્ટ્સ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ કોન્ફરન્સનો ઉદ્દેશ્ય ભારતમાં ગ્રીન હાઈડ્રોજન પાયલોટ પ્રોજેક્ટ્સ પ્રદર્શન, ચર્ચાને પ્રોત્સાહન આપવા, સિદ્ધિઓ શેર કરવા અને સ્વચ્છ ઊર્જા ક્ષેત્રમાં પડકારોનો સામનો કરવાનો છે.

## વિશ્વ

### ➤ પ્રવાસન મંત્રાલય અને UNWTO દ્વારા G20 પ્રવાસન અને SDG ડેશબોર્ડનું અનાવરણ

યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO)ના સહયોગથી ભારત સરકારના પ્રવાસન મંત્રાલયે G20 પ્રવાસન અને SDG ડેશ બોર્ડનું અનાવરણ કર્યુ છે. તે G20 દેશોના શ્રેષ્ઠ પ્રયાસો, વિષયોનો અભ્યાસ અને આંતરદષ્ટિ દર્શાવે છે. UNWTO એ મેડ્રિડ, સ્પેન સ્થિત સંસ્થા છે અને તેમાં 159 સભ્ય દેશોનો સમાવેશ થાય છે. સંસ્થા પ્રવાસનને આર્થિક વૃદ્ધિ, સર્વસમાવેશક વૃદ્ધિ અને પર્યાવરણીય ટકાઉપણુંના ડ્રાઈવર તરીકે પ્રોત્સાહન આપે છે. અને વિશ્વભરમાં જ્ઞાન અને પ્રવાસન નીતિઓને આગળ વધારવા માટે આ ક્ષેત્રને નેતૃત્વ અને સમર્થન પૂરું પાડે છે.

### ➤ આક્રમક વિદેશી પ્રજાતિઓ

ઈન્ટર ગવર્નમેન્ટલ સાયન્સ–પોલીસી પ્લેટફોર્મ ઓન બાયોડાયવર્સિટી એન્ડ ઈકોસિસ્ટમ સર્વિસીસ (IPBES) એ તાજેતરમાં તેનો 'આક્રમક વિદેશી પ્રજાતિઓ અને તેમના નિયંત્રણ પર મૂલ્યાંકન રિપોર્ટ' બહાર પાડયો છે. આ વ્યાપક અભ્યાસ સમગ્ર વિશ્વમાં આક્રમક વિદેશી પ્રજાતિઓના ભયજનક ફેલાવા અને વૈશ્વિક જૈવવિવિધતા પર તેમની વિનાશક અસરને પ્રકાશિત કરે છે. રિપોર્ટમાં અંદાજે 57,000 એલિયન પ્રજાતિઓની હાજરી દર્શાવવામાં આવી છે જે વિવિધ પ્રદેશો અને બાયોમ્સમાં માનવ પ્રવૃત્તિઓ દ્વારા લાવવામાં આવી છે. તેમાંથી 3500થી વધુને આક્રમક વિદેશી પ્રજાતિઓ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે, જે સ્થાનિક ઈકોસિસ્ટમ માટે ગંભીર ખતરો છે. જળકુંભી અથવા જળ હાયસિન્થ એ જમીન પર વિશ્વની સૌથી વ્યાપક આક્રમક વિદેશી પ્રજાતિ છે. લૈંટાના, એક ફૂલદર ઝાડી અને એક કાળો ઉંદર વૈશ્વિક આક્રમણના ધોરણે બીજા અને ત્રીજા ક્રમે છે. આક્રમક વિદેશી પ્રજાતિઓ જેને આક્રમક એલિયન પ્રજાતિઓ અથવા બિન–મૂળ પ્રજાતિઓ પણ કહેવાય છે, તે સજીવોનો સંદર્ભ આપે છે કે જેઓ તેમની મૂળ શ્રેણીની બહારના વિસ્તારો અથવા ઈકોસિસ્ટમમાં દાખલ થયા હોય અને સ્વ–ટકાઉ વસતી સ્થાપિત કરી હોય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. વિમેન્સ એશિયા હોકી-5માં થાઈલેન્ડને 7-2થી હરાવી...........દેશ ચેમ્પિયન બન્યું છે. – ભારત

2. ગોવા શિપયાર્ડ લિમિટેડ શિપ ડિઝાઈન અને બાંધકામ ક્ષમતા નિર્માણ અને સહકાર માટે કયા દેશ સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – કેન્યા

3. એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) કયા રાજ્યમાં 25 મેગાવોટનો સોલાર પાવર પ્લાન્ટ બનાવવા જઈ રહી છે ? – તમિલનાડુ

4. કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ...........નું અનાવરણ કર્યું હતું, જે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) દ્વારા શિક્ષણ મંત્રાલયના સહયોગથી શરૂ કરવામાં આવેલ શિક્ષક તાલિમ કાર્યક્રમ છે. – ઓડિશા

5. કયા રાજ્યએ 'મુખ્યમંત્રી મેરિટ છાત્ર પ્રોત્સાહન યોજના' શરૂ કરી છે ? – ઓડિશા

6. 'ગ્લોબલ ફાઈનાન્સ સેન્ટ્રલ બેંકર રિપોર્ટ કાર્ડ્સ 2023'માં કયા દેશની મધ્યસ્થ બેંકના ગવર્નર ટોચ પર છે ? – ભારત

7. 'ઈન્ટરનેશનલ એરોસ્પેસ કોન્ફરન્સ'નું યજમાન કયું શહેર છે ? – ગ્વાલિયર

8. 'આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ' કયા દિવસે ઉજવવામાં આવે છે ? – 8 સપ્ટેમ્બર

(ભારત સરકારે આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસની ઉજવણી માટે 1 સપ્ટેમ્બરથી 8 સપ્ટેમ્બર 2023 દરમિયાન સાક્ષરતા સપ્તાહનું આયોજન કરવાનું નક્કી કર્યું છે.)

9. કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રીએ એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ (EMRS), ભોપાલના આચાર્ય......... ને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર–2023થી સન્માનિત કર્યા હતા. – ડો. યશપાલ સિંહ

10. ઉમિયામ તળાવ જે તાજેતરમાં સમાચારોમાં હતું, તે કયા રાજ્યમાં આવેલું છે ? – મેઘાલય

11. 'કેસીસી ફોર ફિશરિઝ પર નેશનલ કોન્ફરન્સ' કયા શહેરમાં યોજાઈ હતી ? – મુંબઈ

12. કિરકુક જે તાજેતરમાં સમાચારમાં હતું, તે કયા દેશમાં આવેલું છે ? – ઈરાક

13. કયા શહેરની મેટ્રો રેલવેએ 'ટૂરિસ્ટ સ્માર્ટ કાર્ડ' લોન્ચ કર્યુ છે ? – દિલ્હી

14. ભારતના રાષ્ટ્રપતિ 20 સપ્ટેમ્બર, 2023ના રોજ..............માં એશિયા પેસિફિકની રાષ્ટ્રીય માનવ અધિકાર સંસ્થાઓ (NHRI)ની દ્વિવાર્ષિક પરિષદનું ઉદ્દઘાટન કરશે. – દિલ્હી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**15.** ભારત અને કયા દેશે તાજેતરમાં ન્યાયિક સહયોગ માટેની સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા ? – સિંગાપોર

**16.** તાજેતરમાં એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) દ્વારા..............માં 2023 પ્રાદેશિક સહકાર અને એકીકરણ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં ભારતે તેની PM ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનનું પ્રદર્શન કર્યું હતું. – ત્બિલિસી, જ્યોર્જિયા

**17.** G20 સુરક્ષા વ્યવસ્થા પર દિલ્હી પોલીસની સત્તાવાર વાતચીત ભારતીય ઈન્સ્ટટ મેસેજિંગ પ્લેટફોર્મ............... એપ પર થઈ હતી. – સંદેશ

**18.** તાજેતરમાં કોણે સુધારેલ ઓપ્ટિકલ અને યાંત્રિક ગુણધર્મો સાથે બાયોડિગ્રેડેબલ નેનોકોમ્પોઝિટ ફિલ્મ સફળતાપૂર્વક બનાવી છે ? – IASST, ગુવાહાટી




# 50% BIG DISCOUNT

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here

**આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )**

# 50% BIG DISCOUNT

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here

**આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )**

# 50%
# BIG DISCOUNT

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**GPSC 1 & 2, Dy.SO, STI, TDO, PSI-કોન્સ્ટેબલ, વનરક્ષક, VMC, CCE,એકાઉન્ટન્ટ, સબ એકાઉન્ટન્ટ, સબ ઓડિટર, S.T.-કંડક્ટર, ડ્રાઈવર, મિકેનિક, કલાર્ક તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી**




**જનરલ નોલેજના તમામ વિષયોની તૈયારી માત્ર એક પુસ્તકમાં**

~~₹650/-~~

માત્ર

**₹325/-**

**Click Here**

**30+ વિષયો**

**આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )**

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ-જેલ સિપાહી, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી એપ્લિકેશન

## સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

FREE

- E-Books
- Daily Weekly & Final Mock Test
- LECTURE PDF
- READING SCHEDULE

HIGH SCORING STRATEGY




LIVE + RECORDED BATCH

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

સ્પર્ધાત્મક પરીક્ષાની સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અમારી સાથે જોડાયેલા રહો

YOUTUBE ICE RAJKOT

TELEGRAM t.me/icerajkotofficial

WHATSAPP GROUP www.joinicerajkot.com

FACEBOOK ICE RAJKOT

INSTAGRAM ICE RAJKOT

TWITTER ICE RAJKOT

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT